# નવો પુરુષ, નવી સ્ત્રી, નવું જીવન

### લગ્નજીવન, પરિવાર તથા લૈંગિકતા પર બાઈબલ અભ્યાસ

New Man, New Woman, New Life
Gujarati (India)

કેરી એ. માઈલ્સ, પી. એચ. ડી.
લોરેન્સ આર. ઈઆનાકોને, પી.એચ. ડી.

Contact : Koki & Johnny Desai
Johnny_koki@rediffmail.com

Copyright by Carrie A. Miles 2013. Gujarati (India) edition.
All rights reserved.
Published by Empower International Ministries
www.EmpowerInternational.org

Created with nitroPDF professional
download the free trial online at nitropdf.com/professional

## નવો પુરૂષ, નવી સ્ત્રી, નવું જીવન

બાઈબલ પરમેશ્વર સાથેના તથા એકબીજા સાથેના માનવીય સંબંધની વાર્તા ત્રણ વિભાગમાં આપણી સમક્ષ પ્રસ્તુત કરે છે. ''ઘણા વર્ષો પહેલાં,'' આ વાર્તા પ્રગટ કરે છે, કે મનુષ્ય જાતને નર અને નારી તરીકે પરમેશ્વરની પ્રતિમામાં સૃજવામાં આવ્યા, જેથી સૃષ્ટિના સર્જનના મુગટરૂપ એક દેહ, નગ્ન, શરમવિહોણા એવા લગ્નનો આદર્શ પરિપૂર્ણ થાય. બીજો વિભાગ આપણે નકારેલા વિશ્વાસના જીવન અને આપણે ગુમાવેલા પરમેશ્વરના ભરપૂર પૂરવઠાનો ચિતાર છે. આ કૃપામાંથી થયેલા પતનને કારણે પરમેશ્વરની સૃષ્ટિમાં વિભાજન, એકબીજા પર જોર કરવાની ચડસાચડસી, તથા બીક વગરના જે પ્રેમ માટે પરમેશ્વરે આપણને સૃજ્યા તેની ખોટ જોવા મળે છે. આ વાર્તાનો આખરી વિભાગ આપણને ઉધ્ધાર પામેલા જુએ છે – જે પતિત જગતમાં આપણે આપણી જાતોને વેચી મારી હતી તેના બંધનમાંથી આપણને ખ્રિસ્ત દ્વારા પાછા લાવવામાં આવ્યા છે.

આ અભ્યાસની માર્ગદર્શિકા એ વાર્તાને ખુલ્લી કરે છે અને બતાવે છે કે ઉધ્ધાર ફક્ત આપણ પ્રત્યેકને પરમેશ્વરની સાથેના સીધા સંબંધમાં સંસ્થાપિત કરે છે એટલું જ નહિ, પરંતુ આપણને એકબીજા સાથેની એકતા તથા સમતુલાના સૃષ્ટિના આદર્શમાં પાછા પણ લાવે છે. તે દ્વારા આપણે ખ્રિસ્તમાં નવો પુરૂષ કે નવી સ્ત્રી બનીને નવા જીવનમાં પુનઃસ્થાપિત થઈએ છીએ.

## અનુક્રમણિકા


અભ્યાસ ૧ આરંભમાં પુરૂષ અને સ્ત્રી ..... ૩

અભ્યાસ ૨ આદર્શ સંબંધ ..... ૫

અભ્યાસ ૩ પરમેશ્વર સાથે પુરૂષ અને સ્ત્રીનું સ્થાન ..... ૯

અભ્યાસ ૪ એકતાનો અંત ..... ૧૨

અભ્યાસ ૫ શાપમાંથી ઉધ્ધાર ..... ૧૭

અભ્યાસ ૬ સન્માન, પુરૂષ-પ્રધાનતા, અને ધણીપણું ..... ૨૦

અભ્યાસ ૭ પ્રભુ હોવાનો શું અર્થ થાય? ..... ૨૫

અભ્યાસ ૮ ખ્રિસ્ત સ્ત્રીઓને આપે છે તે સ્વતંત્રતા ..... ૨૮

અભ્યાસ ૯ સ્ત્રીઓ જાતિયતાના સાધન તરીકે ..... ૩૦

અભ્યાસ ૧૦ પાઉલ અને કુટુંબમાં અધિકાર ..... ૩૪

અભ્યાસ ૧૧ પ્રેરિત પાઉલ અને ''શિરપણું'' ..... ૩૯

અભ્યાસ ૧૨ આધીનતા ..... ૪૪

અભ્યાસ ૧૩ લગ્નજીવનનો મર્મ ..... ૪૭

**References ..... 50**




© Carrie A. Miles 2008

Created with nitroPDF professional
download the free trial online at nitropdf.com/professional

# અભ્યાસ ૧ આરંભમાં પુરૂષ અને સ્ત્રી

## માથ્થી ૧૯ : ૩-૮

*ફરોશીઓએ પ્રભુ ઈસુની પાસે આવીને તેમનું પરીક્ષણ કરતાં પૂછ્યું, "શું કોઈપણ કારણને લીધે માણસ પોતાની પત્નીને મૂકી દે એ ઉચિત છે?" અને તેમણે ઉત્તર આપ્યો, "શું તમે નથી વાંચ્યું, કે જેણે તેઓને ઉત્પન્ન કર્યા તેણે તેઓને આરંભથી નરનારી ઉત્પન્ન કર્યા, ને કહ્યું, 'કે તે કારણને લીધે માણસ પોતનાં માબાપને મૂકીને પોતાની પત્નીને વળગી રહેશે; અને બન્ને એક દેહ થશે?' માટે તેઓ હવેથી બે નથી પણ એક દેહ છે. એ માટે પરમેશ્વરે જેને જોડ્યું છે તેને માણસે જુદું પાડવું નહિ." તેઓ તેમને કહે છે, " તો મુસાએ એવી આજ્ઞા કેમ આપી, કે ફારગતી આપીને તેને મૂકી દેવી?" તે તેઓને કહે છે, "મુસાએ તમારા હૃદયની કઠણતાને લીધે તમને તમારી પત્નીઓને મૂકી દેવા દીધી, પણ આરંભથી એવું નહોતું."*

૧. પ્રભુ ઈસુ અનુસાર આદર્શ વિવાહિક સંબંધ કેવો છે?

૨. શા માટે આપણે બધા "એક દેહ" આદર્શ પ્રમાણે જીવતા નથી?

૩. "હૃદયની કઠણતા" હોવાના થોડા ઉદાહરણ ક્યા છે?

પ્રભુ ઈસુએ કહ્યું કે, પરમેશ્વરનો આદર્શ માનવીય રૂઢી રિવાજોમાં, કે નિયમના અક્ષરોમાં નહિ, પણ "આરંભથી" સ્થાપિત વ્યવસ્થામાં જોવા મળે છે. તેમણે કહ્યું કે નિયમ તો ખરેખર આ આદર્શથી વિરૂધ્ધ ગયો. મુસાએ ફક્ત એકબીજા પ્રત્યેની "હૃદયની કઠણતા" ને લીધે ફારગતીની પરવાનગી આપી.

## આરંભમાં

## ઉત્પત્તિ ૧:૨૬-૨૯

*૨૬ અને પરમેશ્વરે કહ્યું, "આપણે પોતાના સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે માણસને બનાવીએ; અને સમુદ્રના માછલાં*
*પર, તથા આકાશનાં પક્ષીઓ પર, તથા ગ્રામ્ય પશુઓ પર, તથા આખી પૃથ્વી પર, તથા પૃથ્વી પર પેટે ચાલનારાં*
*સઘળાં પ્રાણીઓ પર તેઓ અમલ ચલાવે."*
*૨૭ એમ પરમેશ્વરે પોતાના સ્વરૂપ પ્રમાણે મનુષ્યને ઉત્પન્ન કર્યું, પરમેશ્વરના સ્વરૂપ પ્રમાણે તેમણે તેને ઉત્પન્ન કર્યું;*
*તેમણે તેઓને નરનારી ઉત્પન્ન કર્યાં.*



© Carrie A. Miles 2008

Created with nitro PDF professional
download the free trial online at nitropdf.com/professional

*[28] અને પરમેશ્વરે તેઓને આશીર્વાદ આપ્યો; અને પરમેશ્વરે તેઓને કહ્યું, "સફળ થાઓ, ને વધો, ને પૃથ્વીને ભરપૂર કરો, ને તેને વશ કરો; અને સમુદ્રનાં માછલાં પર, તથા આકાશનાં પક્ષીઓ પર, તથા પૃથ્વી પર ચાલનારાં સઘળાં પ્રાણીઓ પર અમલ ચલાવો."*

*[29] અને પરમેશ્વરે કહ્યું, "જુઓ, દરેક બીજદાયક શાક જે આખી પૃથ્વી પર છે, ને હરેક વૃક્ષ જેમાં વૃક્ષના બીજદાયક ફળ છે, તેઓને મેં તમને(બહુવચન) આપ્યાં છે, તેઓ તમારો (બહુવચન) ખોરાક થશે."*

૪. પરમેશ્વરની પ્રતિમામાં કોને ઉત્પન્ન કરવામાં આવ્યું – પુરૂષને કે સ્ત્રીને?

૫. પૃથ્વી પર અમલ ચલાવવાનો આશીર્વાદ પરમેશ્વર કોને આપે છે – પુરૂષને કે સ્ત્રીને?

૬. પૃથ્વીને ભરપૂર કરવાનો (બાળકો) આશીર્વાદ તથા જવાબદારી પરમેશ્વર કોને આપે છે – પુરૂષને કે સ્ત્રીને?

૭. નોંધ લેશો કે પૃથ્વી પર અમલ તથા બાળકો થવાની ક્ષમતા તે આશીર્વાદો તરીકે આપવામાં આવ્યા છે, આજ્ઞા તરીકે નહિ. આ અવલોકન લગ્નજીવનનાં હેતુ વિષેની વિચારધારામાં બદલાવ લાવે છે?

૮. પરમેશ્વર પુરૂષ અને સ્ત્રીને બીજું શું આપે છે (કલમ ૨૯)?

૯. પુરષ અને સ્ત્રી વચ્ચેના સંબંધ માટે પરમેશ્વરની યોજના સંબંધી અત્યાર સુધી આપણે શું શીખ્યા? આ કલમોમાં, પરમેશ્વરનો સ્ત્રી સાથેનો વ્યવહાર પુરૂષ સાથેના વ્યવહાર કરતાં અલગ છે?

ઉત્પન્ન કરવામાં આવેલી દુનિયાનો તસુએ તસુ હિસ્સો જે પ્રમાણે પુરૂષને તેટલો જ સ્ત્રીને પણ આપવામાં આવ્યો છે. આરંભથી પરમેશ્વરની વ્યવસ્થા આવી છે, અને એ બની રહ્યા પછી, પરમેશ્વરે જાહેર કર્યું, " તે ઉત્તમો ઉત્તમ." પુરૂષ એકલો હતો ત્યારે પરમેશ્વરે તેમ ના કહ્યું. તેથી ઉલટું, પરમેશ્વરે કહ્યું કે પુરૂષ એકલો રહે તે "સારૂં નથી" (ઉત્પત્તિ ૨). જ્યારે સ્ત્રી તેની પડખે ઉભી રહી ત્યારે જ પરમેશ્વરે તેઓનાં હાથોમાં રાજદંડ મૂક્યો અને જાહેર કર્યું કે કાર્ય પૂરૂં થયું અને તે બહુ સારૂં છે.

## લાગુકરણ / સાંસ્કૃતિક પડકારો :-

૧૦. પ્રભુ ઈસુએ ફરોશીઓને કહ્યું કે પરમેશ્વરના આદર્શ તેઓના રૂઢી રિવાજોમાં શોધ્યા નહિ જડે. ઉત્પત્તિ ૧ આપણને જણાવે છે કે સ્ત્રી સાથેનો વ્યવહાર કોઈ જાગીર તરીકેનો ના હોય, પણ તેને પુરૂષની સાથે બધું જ સરખું આપવામાં આવ્યું હતું. કયા રૂઢીગત રીતરિવાજો ઉત્પત્તિ ૧:૨૬-૨૯ માં બતાવેલા આદર્શ અનુસાર નથી?

૧૧. આ કલમો તમને તમારા પોતાના સંબંધી કે તમારા સંબંધો વિષે જુદી રીતે વિચારતા કરે છે?



© Carrie A. Miles 2008

Created with nitroPDF professional
download the free trial online at nitropdf.com/professional

## અભ્યાસ ૨ આદર્શ સંબંધ

પહેલા અભ્યાસમાં, આપણે જોયું કે પ્રભુ ઈસુએ શીખવ્યું કે પુરૂષ અને સ્ત્રી વચ્ચેનો આદર્શ સંબંધ રૂઢી-રિવાજોમાં કે મુસાના નિયમશાસ્ત્રમાં પણ જોવા નથી મળતો. પરંતુ, પરમેશ્વરે આપણને જે રીતે બનાવ્યા છે તેમાં પરમેશ્વરનો સાચો હેતુ મળી આવે છે. ઉત્પત્તિ ૧માં, પરમેશ્વરે પુરૂષ અને સ્ત્રી બન્નેને પોતાની પ્રતિમામાં બનાવ્યા, અને તેઓ બન્ને ને પૃથ્વી પર અમલ ચલાવવાની તથા બાળકોને ઉછેરવાની જવાબદારી આપી.

હિબ્રુ સાહિત્ય (જૂનો કરાર મૂળ હિબ્રુ ભાષામાં લખાયો હતો) ઘણી વાર એક ઘટનાની બે આવૃત્તિ આપશે. ઉત્પત્તિ ૧ સૃષ્ટિના સર્જનનું ‘‘મોટું ચિત્ર’’ રજૂ કરે છે. ઉત્પત્તિ ૨ એ જ ઘટનાઓને નજીકથી કંડારે છે – આ કિસ્સામાં પરમેશ્વરે આપણને ‘‘નર અને નારી’’ તરીકે કેમ સૃજ્યા તે વર્ણવે છે.

### જાતિયતાનું સર્જન :

### ઉત્પત્તિ ૨:૭ અને ૧૮-૨૫

*૧૭ અને યહોવાહ પરમેશ્વરે ભૂમિની માટીનું માણસ બનાવ્યું, ને તેનાં નસકોરામાં જીવનનો શ્વાસ ફૂંક્યો; અને માણસ*
*સજીવ પ્રાણી થયું.*
*૧૮ અને યહોવાહ પરમેશ્વરે કહ્યું, ‘‘માણસ એકલો રહે તે સારૂં નથી; હું તેને યોગ્ય એવી એક સહાયકારી (તેના*
*જોડીદાર તરીકે મદદગાર) સૃજાવીશ.’’ ૧૯ અને યહોવાહ પરમેશ્વરે ખેતરના હરેક જાનવરને, તથા આકાશના હરેક*
*પક્ષીને ભૂમિમાંથી ઉત્પન્ન કર્યા; અને તે માણસ તેઓનું નામ શું પાડશે, એ જોવાને પરમેશ્વર તેઓને આદમની પાસે*
*લાવ્યા; અને તે માણસે હરેક જાનવરને જે નામ આપ્યું તે તેનું નામ પડ્યું. ૨૦ અને તે માણસે સર્વ ગ્રામ્ય પશુનાં, તથા*
*આકાશનાં પક્ષીઓનાં, તથા સર્વ વનપશુઓનાં નામ પાડ્યાં; પણ આદમને યોગ્ય એવી સહાયકારી મળી નહિ. ૨૧*
*અને યહોવાહ પરમેશ્વરે આદમને ભર ઊંઘમાં નાંખ્યો; અને તે ઊંઘી ગયો ત્યાર પછી તેમણે તેની પાંસળીઓમાંની*
*એક લઈને તેને ઠેકાણે માંસ ભર્યું; ૨૨ અને યહોવાહ પરમેશ્વરે જે પાંસળી માણસમાંથી લીધી હતી, તેની એક સ્ત્રી*
*બનાવીને માણસની પાસે તે લાવ્યા.*

*૨૩ અને તે માણસે કહ્યું,*
*‘‘આ મારા હાડકામાંનું હાડકું ને મારા માંસમાંનું માંસ છે;*
*તે નારી કહેવાશે,*
*કેમ કે તે નરમાંથી લીધેલી છે.’’*
*૨૪ એ સારૂં માણસ પોતાનાં માબાપને છોડીને પોતાની પત્નીને વળગી રહેશે; અને તેઓ એક દેહ થશે. ૨૫*
*અને તે માણસ તથા તેની પત્ની બન્ને નગ્ન હતા પણ તેઓ લાજતા ન હતાં.*



© Carrie A. Miles 2008

Created with nitro PDF professional
download the free trial online at nitropdf.com/professional

## પુરૂષને માટે બંધબેસતી મદદ :

ઉત્પત્તિ ૨: ૭, ૧૮-૨૧ માં “માણસ” કે “આદમ” તરીકે અનુવાદ કરાયેલો શબ્દ તે માણસ માટે નિયમિત રીતે વપરાતો હિબ્રુ શબ્દ નથી. વળી તે વ્યક્તિવાચક નામ (“આદમ”) પણ નથી. પણ અહિં શબ્દ **ha'adam**, *છે* – પરમેશ્વરે જે લાલ માટીમાંથી તેને બનાવ્યો (કલમ ૭) તે માટેના હિબ્રુ શબ્દ *adama,* નો અપભ્રંશ છે. પરમેશ્વરે ઉત્પત્તિ ૨:૭ માં માટીથી જે બનાવ્યું તે ખરા અર્થમાં “માટીનું પ્રાણી” છે.

૧. ઉત્પત્તિ ૧ માં સૃષ્ટિના સર્જનના દરેક તબક્કે પરમેશ્વરે પોતે સૃજેલી વસ્તુઓ માટે જાહેર કર્યું કે “તે સારૂં છે.” ઉત્પત્તિ ૨:૧૮ કઈ રીતે અલગ છે?

૨. પરમેશ્વરે બન્ને ***ha'adam*** અને પ્રાણીઓને ભૂમિની માટીમાંથી બનાવ્યા. માણસનું સર્જન પ્રાણીઓના સર્જન કરતા કઈ રીતે જુદું હતું (કલમ ૭)?

૩. માણસને પ્રાણીઓ મધ્યે તેની સહાયકારી મળતી નથી. ***ha'adam*** ને તેની સહાયકારીમાં જે જોઈએ છે તે વિષે આ શું કહે છે? કઈ રીતે સ્ત્રી પુરૂષ જેવી છે, અને પ્રાણી જેવી નથી?

   માણસને જેવા જોડીદારની જરૂર હતી તે વર્ણવવા માટે પરમેશ્વરે હિબ્રુ ભાષામાં ***'ezer kenegdo'*** શબ્દો વાપર્યા. આ શબ્દોનું અંગ્રેજી ભાષામાં ભાષાંતર “મદદનીશ” કે “સહાયકારી” તરીકે થાય છે.

૪. સ્ત્રીને પુરૂષની મદદ માટે સૃજવામાં આવી હતી આ કથનને લોકો સામાન્ય રીતે કેવી રીતે સમજે છે?

*'ezer kenegdo'* નું ભાષાતંર “સહાયકારી”તરીકે કરવામાં મુશ્કેલી એ છે કે તેનો અર્થ એવો કાઢવામાં આવે છે કે સ્ત્રીને પુરૂષથી ઊતરતી અને નીચલી કક્ષાની સૃજવામાં આવી હતી. સહાયકારી એટલે જાણે કે વાસણ માંજવા કે ખાડા ખોદવા જેવા હલકા ગણાતા કામ જે આપણને પોતે કરવામાં નાનમ લાગે તે કરવા માટે રાખેલી વ્યક્તિ. હિબ્રુ ભાષામાં આવા ઉતરતી કક્ષાના કામદાર માટે શબ્દ છે *'eben'*. પરમેશ્વરે પુરૂષને જેની જરૂર હતી તેના માટે આ શબ્દ નથી વાપર્યો.

> *તેના બદલે પરમેશ્વરે કહ્યું કે પુરૂષને 'ezer kenegdo' ની જરૂર છે. 'ezer', નામ જૂના કરારમાં ૨૧ વખત વપરાયું છે. એનો અર્થ છે “સહાય” – એવી વ્યક્તિ જે બીજાને મદદરૂપ થાય અને સંભાળી લે. ઉત્પત્તિ ૨ માં આ શબ્દ બે વખત આવે છે. ૧૯ માંથી ૧૬ વખત આ શબ્દનો વપરાશ સૂચવે છે કે “સહાય” એક ચઢિયાતિ વ્યક્તિ પાસેથી આવી છે. મોટા ભાગના કિસ્સાઓમાં આ “સહાય” પરમેશ્વર પોતે છે... જ્યાં 'ezer' શબ્દ પરમેશ્વરને અનુલક્ષીને નથી વપરાયો ત્યાં તે રાજા સમાન લોકો માટે વપરાયો છે. જે બીજાઓની મદદે આવે છે... ત્યાં “સહાયકારી” શબ્દ સાથે ઊતરતી કે નીચલી કક્ષાની વાત જ નથી આવતી (ફ્લેમીંગ).*

દાખલા તરીકે *'ezer'* કે મદદગાર શબ્દનો અર્થ સમજવા ગીતશાસ્ત્ર ૪૬:૧ વિચારો, “પરમેશ્વર આપણો આશ્રય તથા આપણું સામર્થ્ય છે, સંકટને સમયે તે હાજરાહજૂર મદદગાર છે.”

બીજા શબ્દમાં *'kenegdo'* નો અર્થ છે, પુરૂષ માટે યોગ્ય અથવા જેવા હોવું. હિબ્રુ શબ્દનો બેઠો અર્થ છે “સામ સામા હોવું” – પરમેશ્વરે ઈચ્છ્યું કે સ્ત્રી એ પુરૂષની સામસામે અથવા એક જ સ્તરે હોય.

જે બાબત પર ભાર મૂકવામાં આવ્યો છે તે એ કે બે વ્યક્તિઓનો સ્વભાવ અને સત્વ સરખા છે, અને તેઓની વચ્ચે સમાનતા છે. મુસાએ સ્ત્રીના સર્જન વિષે લખતા આ શબ્દ વાપર્યો કારણ કે તે આપણને સમજાવવા માગતો હતો કે પરમેશ્વરે સ્ત્રીને પુરૂષની સમકક્ષ બનાવી (ફ્લેમીંગ પા. નં. ૮-૯).

જ્યારે પરમેશ્વર હવાને આદમની પાંસળીમાંથી બનાવે છે, ત્યારે તેનો ઉદ્દેશ છે કે સ્ત્રી – પ્રાણીઓની માફક નહિ – “ પુરૂષ બરાબર સામર્થ્ય (કે શક્તિ) બનશે” (ફ્રીડમેન).



© Carrie A. Miles 2008

Created with nitroPDF professional
download the free trial online at nitropdf.com/professional

પુરૂષના ભાર ઊંચકવામાં તેને મદદરૂપ થવા, પરમેશ્વરે સ્ત્રીને – આત્મિક રીતે, બૌધિક રીતે તથા લાગણીની રીતે– પૂરતી સક્ષમ બનાવી. ફક્ત પુરૂષની સમોવડી તરીકે જ સ્ત્રી તેના પુરૂષને જરૂરી મદદ પૂરી પાડી શકે.

આવી પુરૂષ સમોવડી જોડીદાર મેળવવા માટે, પરમેશ્વરે સ્ત્રીને પુરૂષના પોતાના માંસમાંથી લેવી પડી. પરમેશ્વરે પોતે સૃજેલા પુરૂષને ભર ઊંઘમાં નાખ્યો, અને તેના પડખામાંથી (ગુજરાતી અનુવાદ ''પાંસળી'' કહે છે, પણ ખરેખર તે તેના પડખાનો મોટો ભાગ હતો, એક નાનું હાડકું નહિ) ટૂકડો લીધો અને તેમાંથી સ્ત્રીને બનાવી (કલમ ૨૧, ૨૨).

૫. સૌ પ્રથમ વાર સ્ત્રીને જોઈને પુરૂષ શું કહે છે (કલમ ૨૩)? આ શબ્દોમાં તમને ખુશી સંભળાય છે?

૬. આ શબ્દો પરથી તમને શું લાગે છે, પુરૂષે ''યોગ્ય સહાયકારી'' વિષે શું વિચાર્યું હશે-- ઘરકામ કરનારી નોકરડી, એક ખાસ વ્યક્તિ?

રૂઢિચુસ્ત પંથીઓ કોઈ વાર દલીલ કરે છે કે ૨૩ મી કલમમાં સ્ત્રીનું નામ પાડવામાં આવ્યું જે તેના ઉપર આદમનું ધણીપણું દર્શાવે છે. પણ ''નારી'' તે સાચું નામ નથી, અને આદમ જે કહે છે તે નામકરણ વિધીને અનુસરતું નથી. ''નારી'' **[*'ishshah*]** તે માત્ર **[*'ish*].** નું સ્ત્રીલિંગ રૂપ છે. આ તબક્કે તેઓનું નામ અને બીજું બધુ સહિયારૂં છે. આદમ તેના ખુશીભર્યા પોકારમાં કહી રહ્યો છે ''છેવટે આ છે કોઈ મારા જેવું!''

ફક્ત સ્ત્રીના સર્જન બાદ માટીનો માનવ પુરૂષ તરીકે ઓળખાય છે!

પરમેશ્વરે એક કૃતિ લઈને તેને એ રીતે બે ભાગમાં વિભાજીત કરી કે તેઓ બેમાંથી પાછા ભેગા મળીને એક થવા ઝંખે છે. આ છે સૃષ્ટિનો આદર્શ સંબંધ

## લાગુકરણ / સાંસ્કૃતિક પડકારો :

૭. રેવ. ડી. ટોરી બાઉકમ કહે છે કે પરમેશ્વરે સ્ત્રીનું સર્જન પુરૂષને સંપૂર્ણ કરવા માટે નહિ, પણ પરમેશ્વરની પ્રતિમાને સંપૂર્ણ કરવા માટે કર્યુ. આ કથનને તમે કેવી રીતે સમજો છો ?

૮. પરમેશ્વરે સૃજેલી સ્ત્રીને પુરૂષ માટે ''સહાયકારી'' કે ''મદદનીશ'' તરીકે નહિ, પણ પુરૂષ ''જેવી સહાય'' તરીકે તમે કેવી રીતે સન્માન આપશો?

૯. કલમ ૨૪ કહે છે, ''એ સારૂ માણસ પોતાનાં માબાપને છોડીને પોતાની પત્નીને વળગી રહેશે; અને તેઓ એક દેહ થશે.'' પ્રભુ ઈસુએ કહ્યું કે સર્જનહારે પોતે જ આમ કહ્યું હતું (માથ્થી૧૯: ૪-૫). આના આધારે માણસની વફાદારી ક્યાં હોવી જોઈએ – તેના માબાપ સાથે કે તેની પત્ની સાથે? કોઈ દંપતિ તેમની પ્રથમ વફાદારી એકબીજા પ્રત્યે ચાલુ રાખતા, શી રીતે તેમના માબાપનું માન સાચવી શકે?

૧૦. માબાપ શી રીતે તેમના વિવાહિત બાળકોની મદદ કરી શકે, કે જેથી દીકરો વહુને તથા દીકરી જમાઈને પ્રથમ વફાદારી આપી શકે?

૧૧. કલમ ૨૫ કહે છે, ''અને તે માણસ તથા તેની પત્ની બન્ને નગ્ન હતા, પણ તેઓ લાજતાં ન હતાં.'' નગ્નતા એ શારીરિક અવસ્થા છે; લજ્જા કે બેશરમી તે લાગણીને લગતી કે આત્મિક અવસ્થા છે. કોઈ સંબંધ ''નગ્ન કે શરમવિહોણો'' હોય તો તેનો શું અર્થ થાય



© Carrie A. Miles 2008

Created with nitro PDF professional
download the free trial online at nitropdf.com/professional

## અભ્યાસ ૩ પરમેશ્વર સાથે પુરૂષ અને સ્ત્રીનું સ્થાન

પરમેશ્વરે આપણને સુંદર વાડીનું જતન કરવા સૃજ્યા જ્યાં આપણી સર્વ જરૂરિયાતો પૂરી પાડવામાં આવી હતી. ઉત્પત્તિ ૩ આપણને બતાવે છે કે બધું આપણી પોતાની રીતે કરવાની માનવીય ઘેલછાનાં કારણે, આપણે માગણીભર્યું, અને "દુ:ખદાયક" અથવા "દર્દનાક" મજૂરીવાળું જીવન જીવીએ છીએ. જો કે આ દુ:ખદર્દ એ આપણા માટે પરમેશ્વરની યોજના ન હતી. આ અભ્યાસ આપણને બતાવે છે કે આરંભમાં હતું તેમ હાલમાં પણ, પરમેશ્વર આપણા માટે ફક્ત સારૂં જ ઈચ્છે છે.

### અનાજ્ઞાંકિતતા

### ઉત્પત્તિ ૩:૧-૧૩

*૧ હવે યહોવાહ પરમેશ્વરનાં બનાવેલાં ખેતરનાં સર્વ જાનવરો કરતાં સર્પ ધૂર્ત હતો. અને તેણે સ્ત્રીને કહ્યું "શું*
*પરમેશ્વરે તમને ખરેખર એવું કહ્યું છે કે વાડીનાં હરેક વૃક્ષનું ફળ તમારે ન ખાવું?" ૨ સ્ત્રીએ સર્પને કહ્યું "વાડીનાં*
*વૃક્ષનાં ફળ ખાવાની અમને રજા છે; ૩ પણ પરમેશ્વરે કહ્યું છે કે 'વાડીની વચ્ચેના વૃક્ષના ફળને તમારે ખાવું કે અડકવું*
*નહિ, "રખેને તમે મરો" ૪ અને સર્પે સ્ત્રીને કહ્યું, "તમે નહિ જ મરશો; ૫ કેમ કે પરમેશ્વર જાણે છે કે તમે ખાશો તે*
*જ દિવસે તમારી આંખો ઊઘડી જશે, ને તમે પરમેશ્વરનાં જેવાં ભલુંભૂંડુ જાણનારા થશો" ૬ અને તે વૃક્ષનું ફળ*
*ખાવાને વાસ્તે સારૂં, ને જોવામાં સુંદર, ને જ્ઞાન આપવાને ઈચ્છવાજોગ એવું એ વૃક્ષ છે, તે જોઈને સ્ત્રીએ ફળ તોડીને*
*ખાધું; અને તેની સાથે પોતાનો પતિ હતો તેને પણ આપ્યું, ને તેણે ખાધું. ૭ ત્યારે તે બન્નેની આંખો ઊઘડી ગઈ, અને*
*તેઓએ જાણ્યું કે અમે "નગ્ન છીએ;" અને અંજીરીના પાતરાં સીવીને તેઓએ પોતાને સારૂ આચ્છાદાન બનાવ્યાં.*

*૮ અને દિવસને ઠંડે પહોરે યહોવાહ પરમેશ્વર વાડીમાં ફરતા હતા, તેમનો અવાજ તેઓએ સાંભળ્યો; અને*
*તે માણસ તથા તેની પત્ની યહોવાહ પરમેશ્વરની દ્રષ્ટિથી વાડીનાં વૃક્ષોમાં સંતાઈ ગયાં. ૯ અને યહોવાહ પરમેશ્વરે*
*આદમને હાંક મારીને કહ્યું, "તું ક્યાં છે?" ૧૦ અને તેણે કહ્યું, "મેં વાડીમાં તમારો અવાજ સાંભળ્યો, ને હું નગ્ન હતો*
*તે માટે બીધો; અને હું સંતાઈ ગયો." ૧૧ અને પરમેશ્વરે કહ્યું, "તને કોણે કહ્યું, કે તું નગ્ન છે? જે વૃક્ષનું ફળ ખાવાની*
*મના મેં તને કરી હતી, તે તેં ખાધું છે શું?" ૧૨ અને આદમે કહ્યું, "મારી સાથે રહેવા માટે જે સ્ત્રી તમે મને આપી છે*
*તેણે મને તે વૃક્ષનું ફળ આપ્યું, ને મેં ખાધું." ૧૩ અને યહોવાહ પરમેશ્વરે સ્ત્રીને કહ્યું, "આ તેં શું કર્યું છે?" સ્ત્રીએ*
*કહ્યું, "સર્પે મને ભુલાવી, ને મેં ખાધું."*

૧. સર્પ અને સ્ત્રી વચ્ચેની વાતચીત દરમ્યાન ત્યાં કોણ કોણ હાજર છે (કલમ ૬)? (નોંધ : આ સમગ્ર ફકરામાં વપરાયેલો "તમે" શબ્દ બહુવચન છે, એટલે કે, જ્યારે સર્પ "તમે," કહે છે ત્યારે તે એક કરતા વધારે વ્યક્તિઓ સાથે વાત કરે છે.)

૨. સૌ પ્રથમ સૃજાયેલા પુરૂષ અને સ્ત્રી પાપ કરે છે, પછી તેમના સંબંધને શું થાય છે? તેમના પરમેશ્વર સાથેના સંબંધનું શું થાય છે?



© Carrie A. Miles 2008

Created with nitroPDF professional
download the free trial online at nitropdf.com/professional

*[14] અને યહોવાહ પરમેશ્વરે સર્પને કહ્યું, "તેં એ કર્યું છે, તે માટે"*
*તું સર્વ ગ્રામ્ય પશુઓ*
*તથા વનપશુઓ કરતાં શાપિત હો;*
*તું પેટે ચાલશે,*
*ને પોતાના સર્વ દિવસ સુધી*
*ધૂળ ખાશે.*
*[15] અને તારી ને સ્ત્રીની વચ્ચે,*
*તથા તારા સંતાનની ને તેનાં સંતાનની વચ્ચે હું વેર કરાવીશ;*
*તે તારૂં માથું છૂંદશે,*
*ને તું તેની એડી છૂંદશે. "*

*[16] સ્ત્રીને પરમેશ્વરે કહ્યું, "હું તારો શોક તથા તારી ગર્ભાવસ્થાનું દુઃખ ઘણું જ વધારીશ; તું દુઃખે બાળકને જન્મ આપશે; અને તું તારા ધણીને આધીન થશે (તેની તરફ ફરશે), ને તે તારા પર ધણીપણું કરશે."*

*[17] અને આદમને તેમણે કહ્યું, "તેં તારી પત્નીની વાત માની, ને જે સંબંધી મેં તને આજ્ઞા આપી, કે તારે ન ખાવું તે વૃક્ષનું ફળ તેં ખાધું; એ માટે*
*તારે લીધે ભૂમિ શાપિત થઈ છે;*
*તેમાંથી તું તારા આયુષ્યના સર્વ દિવસોમાં*
*દુઃખે ખાશે (કલમ ૧૬ માં વપરાયો છે તે જ શબ્દ);*
*[18] તે કાંટા તથા કંટાળી તારે માટે ઉગાવશે;*
*અને તું ખેતરનું શાક ખાશે.*
*[19] તું ભૂમિમાં પાછો જશે ત્યાં સુધી*
*તું તારા મોંનો પરસેવો ઉતારીને*
*રોટલી ખાશે;*
*કેમ કે તું તેમાંથી લેવાયો હતો,*
*અને તું ધૂળ છે,*
*ને પાછો ધૂળમાં મળી જશે."*
*[20] અને તે માણસે પોતાની પત્નીનું નામ હવા પાડ્યું; કેમ કે તે સર્વ સજીવની મા હતી.*

૩. ઉત્પત્તિ ૩:૧૪-૧૯ ને ઘણીવાર "શાપ" તરીકે લેવામાં આવે છે. આ કલમોને ધ્યાનથી જુઓ, પરમેશ્વર "શાપિત" શબ્દ ફક્ત બે વખત વાપરે છે. શાપિત થવું એટલે શું ?
પરમેશ્વરે ભૂમિને શાપ દીધો, પણ તેણે પુરૂષ કે સ્ત્રીને શાપ આપ્યો નહિ. એના બદલે, પરમેશ્વરે તેઓને ઉત્પત્તિ ૩:૧૪-૧૯ માં કહે છે તે ભવિષ્યવાણી છે – તેઓએ જે કર્યું છે તેના કારણે શું થવાનું છે. આ ખરાબ વસ્તુઓ તેઓના કૃત્યોનું ફળ છે.



© Carrie A. Miles 2008

Created with nitro PDF professional
download the free trial online at nitropdf.com/professional

૪. શાપ અને કોઈ વર્તનનાં પરિણામની અગમચેતી વચ્ચેનો તફાવત સમજવા માટે વિચારો કે એક બાળક આગમાં હાથ નાખી રહ્યું છે. તેના પિતા કહે છે, ‘‘ના,ના, અડકીશ નહિ, દાઝી જવાશે.’’ માની લો કે તે બાળક તેમ છતાં આગને અડકે છે અને દાઝી જાય છે. એના પિતાએ શાપ દીધો તેના કારણે તે બાળક વેદના અનુભવે છે?

બીજે ઠેકાણે પવિત્ર શાસ્ત્ર બતાવે છે કે કોઈ વ્યક્તિ કે લોકસમૂહ શાપિત હોઈ શકે છે. પણ ઉત્પત્તિ ૩ નું ધ્યાનથી વાંચન કરતા સમજાશે કે પરમેશ્વરે મનુષ્યજાત પર કે સમગ્ર સ્ત્રીજાત પર શાપ નથી મૂક્યો.

૫. પરમેશ્વરથી વેગળા થઈને પુરૂષ અને સ્ત્રીએ જે દુઃખ અને સંઘર્ષનો સામનો કરવો પડશે, તેનું વર્ણન કરવામાં પણ તે આપણને ખાત્રી આપે છે કે તે આપણાથી સદંતર દૂર નહિ થાય. ઉત્પત્તિ ૩:૧૫. માં પરમેશ્વર આપણને જે આશા આપે છે તેની ચર્ચા કરો.

## લાગુકરણ / સાંસ્કૃતિક પડકારો :

૬. ઘણા લોકોને શીખવવામાં આવ્યું છે કે ઉત્પત્તિ ૩ માં પરમેશ્વરે પુરૂષ અને સ્ત્રીને શાપ આપ્યો. ઉત્પત્તિ ૩:૧૬-૧૯ પ્રબોધ કે તેઓના કૃત્યના પરિણામનું (શાપ નહિ) પરમેશ્વરે આપેલું વર્ણન છે એવી સમજણ કેવી રીતે પરમેશ્વર સાથે પુરૂષ અને સ્ત્રીના સ્થાન વિષેના તમારા વિચારોને બદલે છે?

૭. શાપ લોકો પર નહિ પણ ભૂમિ પર આવ્યો, એ પ્રકારની અલગ સમજણના લીધે વ્યવહારિક બાબતો પર શું અસર પડશે?



© Carrie A. Miles 2008

Created with nitro PDF professional
download the free trial online at nitropdf.com/professional

## અભ્યાસ ૪ એકતાનો અંત

ઉત્પત્તિ ૨ ના આખરી શબ્દો પ્રથમ પુરૂષ અને તેની પત્નીનું વર્ણન "નગ્ન તથા નિર્લજ્જ" તરીકે કરે છે. આવો સંબંધ, જેમાં દરેક જોડીદાર સંપૂર્ણપણે સલામત અને ખૂલ્લો છે, તેનો પાયો પરમેશ્વરમાં જ હોવો જોઈએ, જેમ સૃષ્ટિના સર્જનમાં હતો. હવે ઉત્પત્તિ ૩ માં, આપણા સંબંધોમાંથી જ્યારે આપણે પરમેશ્વરની અવગણના કરીએ છીએ ત્યારે શું થાય છે, તે જોવા મળે છે.

ભાગલા

### ઉત્પત્તિ ૩:૧-૭, ૧૬-૨૦

*[૧] હવે યહોવાહ પરમેશ્વરનાં બનાવેલાં ખેતરનાં સર્વ જાનવરો કરતાં સર્પ ધૂર્ત હતો. અને તેણે સ્ત્રીને કહ્યું "શું*
*પરમેશ્વરે તમને ખરેખર એવું કહ્યું છે કે વાડીનાં હરેક વૃક્ષનું ફળ તમારે ન ખાવું?" [૨] સ્ત્રીએ સર્પને કહ્યું "વાડીનાં*
*વૃક્ષનાં ફળ ખાવાની અમને રજા છે; [૩] પણ પરમેશ્વરે કહ્યું છે કે 'વાડીની વચ્ચેના વૃક્ષના ફળને તમારે ખાવું કે અડકવું*
*નહિ, "રખેને તમે મરો" [૪] અને સર્પે સ્ત્રીને કહ્યું, "તમે નહિ જ મરશો; [૫] કેમ કે પરમેશ્વરે જાણે છે કે તમે ખાશો તે*
*જ દિવસે તમારી આંખો ઊઘડી જશે, ને તમે પરમેશ્વરનાં જેવાં ભલુંભૂંડુ જાણનારા થશો" [૬] અને તે વૃક્ષનું ફળ*
*ખાવાને વાસ્તે સારૂં, ને જોવામાં સુંદર, ને જ્ઞાન આપવાને ઈચ્છવાજોગ એવું એ વૃક્ષ છે, તે જોઈને સ્ત્રીએ ફળ તોડીને*
*ખાધું; અને તેની સાથે પોતાનો પતિ હતો તેને પણ આપ્યું, ને તેણે ખાધું. [૭] ત્યારે તે બન્નેની આંખો ઊઘડી ગઈ, અને*
*તેઓએ જાણ્યું કે અમે "નગ્ન છીએ" અને અંજીરીના પાતરાં સીવીને તેઓએ પોતાને સારૂ આચ્છાદાન બનાવ્યાં.*
*[૧૬] સ્ત્રીને પરમેશ્વરે કહ્યું, "હું તારો શોક તથા તારી ગર્ભાવસ્થાનું દુ:ખ ઘણું જ વધારીશ; તું દુ:ખે બાળકને જન્મ*
*આપશે; અને તું તારા ધણીને આધીન થશે (તેની તરફ ફરશે), ને તે તારા પર ધણીપણું કરશે."*
*[૧૭] અને આદમને તેમણે કહ્યું, "તેં તારી પત્નીની વાત માની, ને જે સંબંધી મેં તને આજ્ઞા આપી, કે તારે ન*
*ખાવું તે વૃક્ષનું ફળ તેં ખાધું; એ માટે તારે લીધે ભૂમિ શાપિત થઈ છે; તેમાંથી તું તારા આયુષ્યના સર્વ દિવસોમાં દુ:ખે*
*ખાશે;*
*[૧૮] તે કાંટા તથા કંટાળી તારે સારૂ ઉગાવશે; અને તું ખેતરનું શાક ખાશે.*
*[૧૯] તું ભૂમિમાં પાછો જશે ત્યાં સુધી તું તારા મોંનો પરસેવો ઉતારીને રોટલી ખાશે; કેમ કે તું તેમાંથી લેવાયો હતો,અને*
*તું ધૂળ છે, ને પાછો ધૂળમાં મળી જશે."*
*[૨૦] અને તે માણસે પોતાની પત્નીનું નામ હવા પાડ્યું; કેમ કે તે સર્વ સજીવની મા હતી.*

### એદન વાડીમાંથી કાંટાળા જગતમાં :

જે રીતે પરમેશ્વરે પ્રથમ દંપતિ બનાવ્યું, તેઓ એકબીજા સાથે, પરમેશ્વર સાથે, તથા સમગ્ર સૃષ્ટિ સાથે આદર્શ સંબંધ માણતા હતા. તેઓ એવી વાડીમાં રહેતા હતા જ્યાં તેઓની દરેક જરૂરિયાત સંતોષાતી હતી.

પાપે તેઓને વાડીની બહાર કાંટાળા જગતમાં ધકેલી મૂક્યા. સુંદર વાડીનું જતન કરવાનું જીવન માણવાને બદલે, પુરૂષ અને સ્ત્રીએ હવે તંગી અને ભયની વચમાં જીવન ટકાવવા માટે સખત પરિશ્રમ કરવાનો હતો. ભૂમિ પર શાપનો અર્થ એ કે અછત અને તંગી એ જીવનશૈલી બને છે. લગ્નજીવન, જાતિયતા અને બાળકોને જન્મ આપવાના આશીર્વાદો આનંદ લાવવાને બદલે જીવન નિર્વાહના સાધનો બની ગયા છે. નિર્ણય લેવાની બાબત એકબીજા માટેના વિશ્વાસ અને પ્રેમ પર આધાર રાખવાને બદલે ભૌતિક વાનાં પર આધાર રાખે છે.

ખેડૂતોને પૂરતો ખોરાક મેળવવાના સંઘર્ષમાં મદદરૂપ થવા તથા ઘડપણમાં ને માંદગીમાં તેમની સંભાળ રાખવા માટે વધારે બાળકોની જરૂર હોય છે. ગરીબીમાં સ્ત્રીઓનું સૌથી અગત્યનું કામ બાળકો પેદા કરવાનું હોય છે. આદમ જ્યારે પતન



© Carrie A. Miles 2008

Created with nitro PDF professional
download the free trial online at nitropdf.com/professional

બાદ આ વાસ્તવિકતા સ્વીકારે છે, અને કહે છે કે તેની પત્ની "હવા" કહેવાશે, કારણ કે તે સર્વ સજીવની મા બનશે (કલમ ૨૦).

પણ પરમેશ્વરે ભવિષ્યવાણી કરી તેમ, પતિત જગતમાં, સ્ત્રીઓએ માત્ર બાળકોને જન્મ આપવાથી વિશેષ કરવાનું છે. જો કે બાઈબલના ઘણા ભાષાંતરકારો ૩:૧૬ પહેલા ભાગનું ભાષાંતર આવું કરે છે, "હું તારી ગર્ભાવસ્થાનું દુઃખ ઘણું જ વધારીશ." પણ વધારે સારો અનુવાદ છે, " હું તારો શોકભર્યો (કે દુઃખદાયી) પરિશ્રમ અને તારું ગર્ભધારણ ઘણું વધારીશ" (ફ્લેમીંગ). આદમ અને હવા બન્નેને કહેવામાં આવ્યું છે કે પરમેશ્વરથી દૂર જવાનાં કારણે તેઓએ "શોકભર્યા" કે "દુઃખદાયી" પરિશ્રમ વેઠવો પડશે. આદમની માફક હવાએ ખોરાક માટે સખત મહેનત કરવી પડશે.

સ્ત્રીઓનું કામ તથા બાળકોને જન્મ આપવાની જવાબદારી તેઓને ઘણીવાર ઘરમાં પૂરી રાખે છે, એવું પુરૂષના કામમાં નથી થતું. જ્યારે સ્ત્રી ગર્ભવતી હોય કે નાનાં બાળકોને સંભાળતી હોય ત્યારે અમુક કામ અઘરાં બની જાય છે. બધી જ સંસ્કૃતિઓમાં લોકોએ કામ વહેંચવાનું શીખી લીધું છે, જેથી સ્ત્રીઓ એવા કામો કરે જે બાળકને ગુમાવ્યા વગર કરી શકાતા હોય.

પુરૂષો બાકીના વધેલા કામ કરે, એવા કામો કે જે માતાઓ ન કરી શકે. પુરૂષ કયા કામો કરે અને સ્ત્રી ક્યા કામ કરે, તે સંજોગો પ્રમાણે બદલાય છે. દાખલા તરીકે, જો ઘરની નજીકમાં પાણીમાં ગલ નાખીને કે છટકું ગોઠવીને માછલી પકડી શકતી હોય, તો સ્ત્રીઓ માછલી પકડે. પણ જો માછલી પકડવા માટે માછીમારે વહાણ લઈને અઠવાડિયા સુધી દરિયામાં જવું પડતું હોય, તો પુરૂષો માછલી પકડે.

ઐતિહાસિક રીતે, જે કાર્યોમાં ઘણા લોકોના સુમેળભર્યા પ્રયત્નો જરૂરી હોય તે "પુરૂષોનું કામ" બની ગયા. દાખલા તરીકે, પુરૂષોનું ટોળું "નર" છે અને ફક્ત માણસો જેઓનો પ્રભાવ ઘરની બહાર પણ હોવાના કારણે તેઓ મોટી સંખ્યામાં સ્ત્રીઓ, બાળકો, આધારિત ગ્રાહકો જેવા કાર્યકરો એકત્ર કરી વાવણી કરવા તથા ફસલને બજાર સુધી પહોંચાડવાના કામે લગાડી શકે છે. (ગુયર).

૧. તમારી સંસ્કૃતિમાં કયા કામને રૂઢીગત રીતે સ્ત્રીઓનું કામ ગણવામાં આવતું હતું? સામાન્ય રીતે પુરૂષો કયા કામ કરતાં હોય છે? (નોંધ : જમીન સાફસૂફ કરીને સીધી કરવી કે શિકાર કરવા જેવા કામ જે પહેલાના સમયમાં માત્ર પુરૂષો જ કરતા, તે આધુનિક જમાનામાં હવે નથી કરવા પડતા. આ પ્રશ્નનો જવાબ આપવામાં તમારે વિચારવું પડશે કે ભૂતકાળમાં બધા કામો કેવી રીતે કરવામાં આવતા હતા.)

## પુરૂષપ્રધાનતા :

સ્ત્રીના કામનો બોજ વધારે હોય તો એનો અર્થ એ કે ઘરની બહારની બધી પ્રવૃત્તિઓમાં એ માથું ન મારે. આના પરિણામે બજારમાં, મંડળીમાં, સમાજમાં, સરકારમાં તથા કુટુંબમાં પુરૂષ સ્ત્રી ઊપર ધણીપણું કરવા લાગે છે. પરંતુ, પુરૂષો જેમાં ઘણા લોકોના સુમેળભર્યા પ્રયત્નોની જરૂર હોય એવા કાર્યોમાં સામેલ હોવાને કારણે, તેમને એવું લાગે છે કે તેમણે બીજાઓ પર ધણીપણું કરવું જ પડે અથવા બીજાઓના ધણીપણા નીચે આવવું જ પડે. આર્થિક પરિસ્થિતિ જેટલી નબળી, તેટલા પ્રમાણમાં ટોચે થોડા માણસો અને નીચે વધારે માણસો હશે. પતિત જગતમાં સત્તાના જોરની આ વ્યવસ્થાનું વર્ણન કરતો શબ્દ, પુરૂષપ્રધાનતા, ફક્ત સ્ત્રીઓ પર ધણીપણું કરતા પુરૂષોને જ નહિ, પરંતુ બીજાઓ (નર કે નારી) પર ધણીપણું કરતા થોડા સત્તાધારી પુરૂષોને પણ લાગુ પડે છે. સ્ત્રીઓ પર ધણીપણું કરતા પુરૂષો, અને બીજા માણસો પર ધણીપણું કરતા મુઠ્ઠીભર મોટી હસ્તીઓવાળી વ્યવસ્થા તે પાપમાં થયેલા પતનને પરિણામે છે.

ઉત્પત્તિ ૧: ૨૮, પરમેશ્વરે પુરૂષ અને સ્ત્રી બન્નેને પૃથ્વી પર અમલ ચલાવવાનો તથા બાળકોનો આશીર્વાદ આપ્યો. પાપમાં પતન થયા પછી, આ દૈવી એકતા તૂટી ગઈ. જે બાબતો આશીર્વાદો તરીકે મફત આપવામાં આવી હતી તે હવે મેળવવી મુશ્કેલ બની ગઈ. પરમેશ્વરના આશીર્વાદ તરીકે બાળકોને જન્મ આપવાની ક્ષમતા, સ્ત્રીના જીવનને બંધનમાં રાખનારી અને સીમિત કરનારી બાબત બની ગઈ. પૃથ્વી પર અમલ ચલાવવાનો આશીર્વાદ પુરૂષો માટે બોજારૂપ બની ગયો, કારણ કે તેઓએ ફક્ત પૃથ્વી પર જ નહિ, પણ તે સાથે એકબીજા પર અમલ ચલાવવાનો સંઘર્ષ કરવો પડે છે.



© Carrie A. Miles 2008

Created with nitro PDF professional
download the free trial online at nitropdf.com/professional

## પાપમાં પતન અને પુરૂષો :

૨. પાપનાં કારણે પુરૂષોને જે થશે એ માટે પરમેશ્વર શું કહે છે(કલમો૧૭ – ૧૯)? પતનની અસરના લીધે પુરૂષો તેમનાં જીવનમાં આજે જે વેઠી રહ્યા છે તેના ઉદાહરણ આપો.

| ઉત્પત્તિ ૩ | પતિત જગતની વાસ્તવિકતા |
|---|---|
| • માણસ શોકભર્યો – દુઃખદાયી પરિશ્રમ કરશે | • માણસે જીવવા માટે સખત કામ કરવું પડે છે (દા. ત. : ) |
| • માણસ મોંનો પરસેવો ઉતારીને રોટલી ખાશે | • ઉચાટ. સ્પર્ધાની ચિંતા, સૌથી શ્રેષ્ઠ બનવાનું દબાણ, નબળાઈ સંતાડવી, બીજાઓને દબાવીને રાખવા (દા. ત. : ) |
| • પાછો ધૂળમાં મળી જશે | • મૃત્યુ |

૩. માણસો મોભો મેળવવા માટે કે એકબીજા પર સત્તાનું જોર જમાવવા માટે જે સંઘર્ષ કરતા હોય છે તેની અસર તમારી સંસ્કૃતિ પર, તમારા લગ્નો પર, તમારી મંડળીઓ પર કેવી પડે છે?



© Carrie A. Miles 2008

Created with nitroPDF professional
download the free trial online at nitropdf.com/professional

## પાપમાં પતન અને સ્ત્રીઓ :

૪. પરમેશ્વરે કહ્યું તેમ, પતિત જગતમાં સ્ત્રીઓને જે બાબતો થશે તે નીચેના ચાર્ટમાં આપેલી છે (કલમ ૧૬). પતનની અસરના લીધે સ્ત્રીઓ તેમનાં જીવનમાં આજે જે વેઠી રહી છે તેના ઉદાહરણ આપો.

| ઉત્પત્તિ ૩ | પતિત જગતની વાસ્તવિકતા |
| --- | --- |
| • સ્ત્રી શોકમાં – દુખમાં છોકરાંને જન્મ આપે છે | • સ્ત્રીનું મૂલ્ય છોકરાંને જન્મ આપવામાં છે<br>• બાળકોને વ્યક્તિઓ તરીકે નહિ, પણ તેમનાં માતાપિતાની સેવાના સાધનો તરીકે જોવામાં આવે છે<br>• દંપતિઓ પોતે પોષી શકે તેથી વધારે બાળકોને જન્મ આપે છે<br>• વધારે બાળકોની માંગના કારણે એકથી વધારે પત્નીઓ તથા દહેજ કે કન્યાવિક્રય જેવી પ્રથા સ્થાન લે છે<br>(દા. ત. : ) |
| • સ્ત્રી દુ:ખદાયી પરિશ્રમનો સામનો કરશે | • સ્ત્રીએ જીવવા માટે સખત કામ કરવું પડે છે<br>• જાતિયતાના ધોરણે મજૂરીના ભાગલા, છોકરાંની હાજરીમાં થઈ શકે એવા કામથી સ્ત્રી સીમિત છે<br>(દા. ત. : ) |
| • સ્ત્રી પોતાના પતિ તરફ "ફરશે" | • સ્ત્રી નાણાંકિય રીતે પુરૂષ પર અવલંબે છે<br>• સ્ત્રીઓ ધણીપણું કરે એવા પુરૂષો સાથે લગ્ન કરવા માંગે છે<br>(દા. ત. : ) |
| • પતિ પત્ની પર ધણીપણું કરશે | • સામાજીક સંસ્થાઓમાં માણસની શિરજોરી<br>• વિવાહિત સંબંધમાં પતિઓનું વધારે વર્ચસ્વ<br>• પુરૂષો આગળ સ્ત્રીઓનું નીચાપણું<br>(દા. ત. : ) |

## લાગુકરણ / સાંસ્કૃતિક પડકારો :-

૫. આ અભ્યાસ સૂચવે છે કે પુરૂષોનાં જીવનમાં એકબીજા પર, પોતાની પત્નીઓ તથા બાળકો પર ધણીપણું કરવાની ક્ષમતા તથા પ્રેરકબળ સૃષ્ટિમાં પરમેશ્વરે રાખેલા હેતુમાંથી નહિ, પણ પાપમાંથી ઉદ્‌ભવે છે. આપણા જીવનોમાં પાપની અસર નાબૂદ કરવા માટે એવા રીત-રિવાજો શોધી કાઢો કે જે બદલવાની જરૂર છે.

આ પછીના અભ્યાસમાં આપણે જોઈશું કે કેવી રીતે પ્રભુ ઈસુ તથા પાઉલના શિક્ષણ ભૂમિ પરના શાપને દૂર કરે છે અને જે સંપૂર્ણ કે આદર્શ સંબંધને માટે પરમેશ્વરે પુરૂષ અને સ્ત્રીને સૃજ્યા હતા તેમાં તેઓને સંસ્થાપિત કરે છે



© Carrie A. Miles 2008

Created with nitroPDF professional
download the free trial online at nitropdf.com/professional

## અભ્યાસ ૫ શાપમાંથી ઉધ્ધાર

જ્યારે સૌ પ્રથમ સૃજાયેલા પુરૂષ અને સ્ત્રીએ તેઓના જીવન માટેનો પરમેશ્વરનો હેતુ નકાર્યો (ઉત્પત્તિ ૩), ત્યારે પુરૂષ અને સ્ત્રી માટેનો પરમેશ્વરનો આદર્શ સંબંધ બગડી ગયો. હવે આપણે જીવનનિર્વાહ માટે ‘‘શોકભર્યો – દુ:ખદાયી પરિશ્રમ’’ કરવો પડે છે. લગ્નનો આધાર એકતા અને પ્રેમ પર રહ્યો નહિ, કે જે માટે આપણને સૃજવામાં આવ્યા હતા, અને તેના બદલે તે ભૂમિ સાથેના યુધ્ધ માટેનું એક સાધન બની ગયું. સ્ત્રીઓએ બાળકોને જન્મ આપવામાં તથા બાળકોની તથા પોતાના પતિઓની કાળજી લેવા માટે સખત કામ કરવું પડે છે. ઘરમાં આ ભારે કામનો બોજ તેઓને પૈસા તથા રક્ષણ માટે પુરૂષો પર આધાર રાખવાની ફરજ પડે છે. પુરૂષોએ બીજા પુરૂષો સાથે હરિફાઈ કરવાની તથા તેઓની ઉપર વર્ચસ્વ જમાવવાની ચિંતા કરવી પડે છે. આ પ્રકારના જગતમાં ‘‘એક દેહ, નગ્ન અને શરમવિહોણા’’ વાળા સૃષ્ટિના આદર્શને પહોંચવું અઘરૂં થઈ પડે છે.

પ્રભુ ઈસુનું જીવન અને શિક્ષણ આપણને વેદના અને ઉચાટમાંથી જે માટે આપણને સૃજવામાં આવ્યા હતા તે વાડીના જીવન તરફ પાછા ફરવાનો માર્ગ બતાવે છે.

### માથ્થી ૧૯:૧૬-૨૫

*અને જુઓ, કોઈ એકે તેમની પાસે આવીને કહ્યું, ‘‘ઉપદેશક, સર્વકાળનું જીવન પામવા માટે હું શું સારૂં કરૂં? ત્યારે તેમણે તેને કહ્યું, ‘‘તું મને સારા વિષે કેમ પૂછે છે? સારો તો એક જ છે, પણ જો તું જીવનમાં પેસવા ચાહે છે, તો આજ્ઞાઓ પાળ.’’ તે તેમને કહે છે, ‘‘કયી કયી?’’ ત્યારે ઈસુએ કહ્યું, ‘‘તું હત્યા ન કર, તું વ્યભિચાર ન કર, તું ચોરી ન કર, તું જૂઠી સાક્ષી ન પૂર, પોતાના માબાપને માન આપ, ને પોતાના પડોશી પર પોતાના જેવો પ્રેમ કર.’’ તે જુવાને તેમને કહ્યું, ‘‘એ બધી તો હું પાળતો આવ્યો છું, હજી મારામાં શું અધૂરૂં છે?’’ ઈસુએ તેને કહ્યું, ‘‘જો તું સંપૂર્ણ થવા ચાહે છે, તો જઈને તારૂં જે છે તે વેચી નાખ, ને દરિદ્રીઓને આપી દે, એટલે આકાશમાં તને દ્રવ્ય મળશે, અને આવીને મારી પાછળ ચાલ.’’ પણ તે જુવાન આ વાત સાંભળીને ખિન્ન થઈને ચાલ્યો ગયો, કેમ કે તેની મિલકત ઘણી હતી.*

*ત્યારે ઈસુએ પોતાના શિષ્યોને કહ્યું, ‘‘હું તમને ખચીત કહું છું કે દ્રવ્યવાનને આકાશના રાજ્યમાં પેસવું કઠણ છે. વળી હું તમને ફરીથી કહું છું કે દ્રવ્યવાનને પરમેશ્વરના રાજ્યમાં પેસવા કરતાં સોયના નાકામાં થઈને ઊંટને જવું સહેલું છે.’’ ત્યારે તેમના શિષ્યોને એ વાત સાંભળીને ઘણી નવાઈ લાગી, ને કહ્યું, ‘‘તો કોણ તારણ પામી શકે?’’ પણ ઈસુએ તેઓની સામું જોઈને તેઓને કહ્યું, ‘‘માણસને તો એ અશક્ય છે, પણ પરમેશ્વરને સર્વ શક્ય છે.’’*

૧. જગતની દ્રષ્ટિએ જેણે સફળતા પ્રાપ્ત કરી હોય અથવા ઊંચો મોભો મેળવ્યો હોય એવા કોઈ મોટા માણસ પાસેથી કેવા પ્રકારના વર્તનની આશા રાખવામાં આવે છે? અને વળી જેઓ મહત્વ ધરાવતા માણસો હોવાનો પ્રયત્ન કરતા હોય તેમની પાસેથી કેવા પ્રકારના વર્તનની આશા રાખવામાં આવે છે?

૨. પ્રભુ ઈસુએ ધનવાન વિષે જે કહ્યું તેનાથી તેમના શિષ્યોને આંચકો લાગ્યો. ગરીબ માણસ કરતાં ધનવાન માણસ કોઈક રીતે વધારે લાયક છે, એવી માન્યતાને ખ્રિસ્તીઓ કેટલી હદ સુધી સ્વીકારે છે?



© Carrie A. Miles 2008

Created with nitroPDF professional
download the free trial online at nitropdf.com/professional

## માથ્થી ૬:૨૫-૩૪

*"એ માટે હું તમને કહું છું કે તમારા જીવને માટે ચિંતા ન કરો, કે અમે શું ખાઈશું અથવા શું પીશું; અને તમારા શરીરને માટે ચિંતા ન કરો કે અમે શું પહેરીશું, શું જીવ ખોરાક કરતાં, ને શરીર વસ્ત્રો કરતાં અધિક નથી? આકાશના પક્ષીઓને જુઓ! તેઓ તો વાવતાં નથી, ને કાપતાં નથી, ને વખારોમાં ભરતા નથી, તોપણ તમારા આકાશમાંના પિતા તેઓનું પાલન કરે છે તો તેઓ કરતાં તમે અધિક નથી શું? અને ચિંતા કરવાથી તમારામાંનો કોણ પોતાના કદને એક હાથભર વધારી શકે છે? અને વસ્ત્રો સંબંધી તમે ચિંતા શા માટે કરો છો? ખેતરના ફૂલઝાડોનો વિચાર કરો કે, તેઓ કેવાં વધે છે! તેઓ મહેનત કરતાં નથી, તેઓ કાંતતાં પણ નથી! તોપણ હું તમને કહું છું કે સુલેમાન પણ પોતાના તમામ મહિમામાં તેઓમાંના એકના જેવો પહેરેલો ન હતો. એ માટે ખેતરનું ઘાસ જે આજે છે, ને કાલે ભઠ્ઠીમાં ફેંકાય છે, તેને જો પરમેશ્વર એવું પહેરાવે છે, તો ઓ અલ્પવિશ્વાસીઓ, તમને શું એથી વિશેષ નહિ પહેરાવશે? માટે અમે શું ખાઈએ, અથવા શું પીએ, અથવા શું પહેરીએ, એમ કહેતાં ચિંતા ન કરો. કારણ કે એ બધાં વાનાં વિદેશીઓ શોધે છે. કેમ કે તમારા આકાશમાંના પિતા જાણે છે કે એ બધાંની તમને અગત્ય છે. પણ તમે પહેલાં તેમના રાજ્યને તથા તેમના ન્યાયીપણાને શોધો, એટલે એ બધાં વાનાં પણ તમને અપાશે.*

*તે માટે આવતી કાલને માટે ચિંતા ન કરો, કેમ કે આવતી કાલ પોતાની વાતોની ચિંતા કરશે. દિવસને માટે તે દિવસનું દુઃખ બસ છે. "*

૩. આ શાસ્ત્રભાગમાં પ્રભુ ઈસુ શું કહી રહ્યા છે?

૪. પ્રભુ ઈસુનાં વચનો તથા પરમેશ્વરે ઉત્પત્તિ ૩:૧૭-૧૯ માં આદમને જે કહ્યું તે વચ્ચેનો વિરોધાભાસ જુઓ.

"તારે લીધે ભૂમિ શાપિત થઈ છે. તેમાંથી તું તારા આયુષ્યના સર્વ દિવસોમાં દુઃખે ખાશે. તે કાંટા તથા કંટાળી તારે માટે ઉગાવશે, અને તું ખેતરનું શાક ખાશે. તું ભૂમિમાં પાછો જશે ત્યાં સુધી તું તારા મોંનો પરસેવો ઉતારીને રોટલી ખાશે... તું ધૂળ છે, ને પાછો ધૂળમાં મળી જશે."

ઘણી બધી વખત, પ્રભુ ઈસુ તેમની પાછળ આવનારાઓને ખાત્રી આપે છે કે તેઓ પરમેશ્વરના ભરપૂરીપણામાં પાછા ફર્યા છે. જેઓ પરમેશ્વરની પાસે પાછા ફર્યા છે તેઓ કાંટા-ઝાંખરાને બદલે ફૂલઝાડોનાં જીવનની અપેક્ષા રાખી શકે.

આનો અર્થ એવો નહિ કે આ વાનાંઓ પ્રાપ્ત કરવા માટે આપણે કામ નહિ કરવું પડે. ૨ થેસ્સાલોનિકી ૩ : ૬-૧૦ કહે છે, "...જે ભાઈ (વિશ્વાસી) આડો ચાલે છે (આળસમાં જીવે છે) તેનાથી તમે અલગ રહો... અમે રાતદિવસ મહેનત તથા કષ્ટથી ઉદ્યોગ કરતા હતા... તમે અમારૂં અનુકરણ કરો માટે અમે તમને નમૂનો આપ્યો હતો. કેમ કે અમે તમારી પાસે હતા ત્યારે પણ અમે તમને એવી આજ્ઞા કરી હતી કે, જો કોઈ માણસ કામ ન કરે, તો તેને ખવડાવવું પણ નહિ."

સૃષ્ટિના સર્જનમાં, પરમેશ્વરે મનુષ્યજાતને વાડીને "સાચવવા" કે તેનું "જતન કરવા" માટે બનાવી (ઉત્પત્તિ ૨:૧૫). પતનની સાથે, ભૂમિ શાપિત થઈ, અને પુરૂષ ને સ્ત્રી બન્ને પર સખત અને દુઃખદાયી પરિશ્રમ આવી પડ્યો. જ્યારે આપણે ખ્રિસ્તનો સ્વીકાર કરીએ છીએ, ત્યારે તે આપણો ઉધ્ધાર કરે છે, આપણને ભૂમિની ગુલામીમાંથી પાછા ખરીદી લે છે. જો આપણે વિશ્વાસમાં જીવીએ, તો આપણે બીક અથવા લાલચના કારણે કરવી પડતી વેદનાભરી મજૂરીમાંથી (ઉત્પત્તિ ૩:૧૬, ૧૭) વાડીને ખુશીથી સાચવવા કે જતન કરવા તરફ પાછા આવીએ છીએ. આપણે હવે ખોરાક, વસ્ત્રો, કેટલું જીવીશું, વિગેરે બાબતોથી ગભરાવાનું રહેતું નથી.



© Carrie A. Miles 2008

Created with nitro PDF professional
download the free trial online at nitropdf.com/professional

૫. નીચેની કલમો જુઓ (જૂથમાં હો તો એક એક કલમ વહેંચી લો).

૧ કરિંથી ૧૫:૨૨, ૨૬

૨ તીમોથી ૧:૧૦

પ્રકટીકરણ ૭:૧૬, ૧૭

પ્રકટીકરણ ૨૧:૩-૪

પ્રકટીકરણ ૨૨:૨-૩

## લાગુકરણ/ સાંસ્કૃતિક પડકારો :-

૬. ''વેદના ભર્યો પરિશ્રમ'' અને વાડીને ''સાચવવી'' કે ''જતન કરવું'' વચ્ચે શું તફાવત છે? તમારા પોતાના જીવનમાંથી તેના ઉદાહરણ આપશો.

૭. પ્રભુ ઈસુએ આપણને જે વસ્તુઓ માટે વચન આપ્યા છે તે ફક્ત સ્વર્ગ માટે જ છે? જો આપણે આ જીવનમાં આકાશનું રાજ્ય અનુભવવાનું હોય, તો આપણી જીવનશૈલી પર તેની શું અસર પડવી જોઈએ ?

૮. ખ્રિસ્તી હોવાનો અર્થ એવો ખરો કે મારે કામ નહિ કરવાનું?

૯. જો તમે ''વેદનાભર્યા પરિશ્રમ'' ને બદલે ''વાડીનું જતન કરવા'' માટે ઉધ્ધાર પામ્યા છો, તો તમારા પતિ કે પત્ની અને તમારા બાળકો સાથેના તમારા વ્યવહારમાં તેની શું અસર પડવી જોઈએ?



© Carrie A. Miles 2008

Created with nitro PDF professional
download the free trial online at nitropdf.com/professional

## અભ્યાસ ૬ સન્માન, પુરૂષ-પ્રધાનતા, અને ધણીપણું

પુરૂષપ્રધાનતામાં સામાન્ય રીતે પુરૂષો સ્ત્રીઓને નીચા સ્થાને અને પુરૂષોને ઊંચા સ્થાને મૂકવા એકધારો પ્રયત્ન કરતા હોય છે. નવા કરારના ઈતિહાસકાર એસ. સ્કોટ બાર્ટચી જણાવે છે કે પુરૂષપ્રધાનતામાં પુરૂષો સ્ત્રીઓ પર વર્ચસ્વ જમાવે એટલું જ નહિ, પરંતુ મુઠ્ઠીભર માણસો બીજા સ્ત્રી–પુરૂષો પર શિરજોરી કરતા હોય છે. પુરૂષો વચ્ચેની સત્તાની હુંસાતુસી, ગુલામી, પરંપરાગત દુશ્મનાવટ, ગ્રાહક/ ઠેકેદાર સંબંધ, અને કુર વહીવટ કે સરમુખત્યારશાહીનું રૂપ લે છે. પુરૂષપ્રધાન સંસ્કૃતિમાં પુરૂષો એકબીજા પર સન્માન, સત્તા, મોટાઈ અને ઊંચું સ્થાન પામવા માટે હરિફાઈમાં ઉતરે છે તથા ઝઘડે છે. પોતાનું સ્વાભિમાન જાળવવું અને ક્ષોભ ટાળવો એ બહુ મોટી વાત છે. બધા મહેણાં–ટોણાં કે અપમાનનો બદલો વાળવો જ રહ્યો, કારણ કે જો અપમાનનો બદલો ન લઈએ તો કુટુંબનું નાક કપાય અને માણસ નબળો ગણાય. મુશ્કેલીથી જીવનનિર્વાહ કરતા કૌટુંબિક જૂથો પોતાનું અસ્તિત્વ ટકાવવા ઘર્ષણમાં ઊતરે ત્યારે યુધ્ધ, કોમી રમખાણ, વિશ્વાસઘાત અને હિંસા થાય એ સામાન્ય છે. માણસો કદાચ દારૂ ઢીંચીને, ઘણી સ્ત્રીઓ સાથે સૂઈને, ઘણી સ્ત્રીઓથી છોકરાં પેદા કરીને અથવા બીજા માણસોને નીચા પાડીને પોતાનું પૌરૂષત્વ દેખાડવા માંગે. સામેના માણસને નીચો પાડવાનો એક રસ્તો એ છે કે તેના કુટુંબની કોઈ સ્ત્રીને ફસાવવી અથવા ચારિત્રભ્રષ્ટ કરવી. લોકોની પ્રસંશા મેળવવાની, અપમાનનો બદલો વાળવાની તથા શરમ ટાળવાની આ જગિક ઘેલછા, છોકરાઓ માટેની તીવ્ર ઝંખના જગાડે છે કે જેઓ પોતાના પિતાને મદદ કરી શકે અથવા તેના કુટુંબને ઊંચે સ્થાને લાવી શકે.

પ્રભુ ઈસુ ખ્રિસ્ત પૃથ્વી પર હતા તે સમયમાં, સમગ્ર જાણીતું વિશ્વ રૂમી સામ્રાજ્યના તાબામાં હતું. રૂમી અને યહુદી બન્ને સંસ્કૃતિ ખૂબ પુરૂષપ્રધાન હતી (જો કે જૂના કરારના નિયમથી યહુદીઓ મધ્યે તેની પર લગામ લાગેલી હતી). પ્રભુ ઈસુએ યહુદી પ્રેક્ષકોને શીખવ્યું, અને પ્રેરિત પાઉલે રૂમી શહેરમાં રહેતા લોકોને લખ્યું.

### પુરૂષોનું સન્માન

### માથ્થી ૫:૩૮-૪૧

> *"આંખને બદલે આંખ, ને દાંતને બદલે દાંત, એમ કહેવામાં આવ્યું હતું, એ તમે સાંભળ્યું છે. પણ હું તમને કહું છું કે જે ભૂંડો હોય તેની સામા ન થાઓ. પણ જે કોઈ તારા જમણા ગાલ પર તમાચો મારે, તેની તરફ બીજો પણ ફેરવ. અને જે તારો કોટ લેવા માટે તારા પર દાવો કરે, તેને તારૂં પહેરણ પણ લેવા દે. અને જે કોઈ બળાત્કારથી તને એક માઈલ લઈ જાય, તેની સાથે બે માઈલ જા."*

પ્રભુ ઈસુ એમ નથી કહેતા કે હિંસક હૂમલા સામે આપણે પોતાની જાતનો બચાવ નહિ કરવાનો. તેમણે જે કૃત્યોની વાત કરી –ગાલ પર તમાચો, અન્યાયી દાવો, જબરદસ્તીની સેવા–તે શારીરિક ધમકી નહિ, પણ અપમાનજનક બાબતો હતી. સન્માન/શરમનો કાયદો આગ્રહ રાખતો કે આ પ્રકારના મહેણાં-ટોણાંનો બદલો ન લેવામાં આવે તો માણસ અને તેના કુટુંબનું નાક કપાય. તેની વિરૂધ્ધમાં, પ્રભુ ઈસુએ લોકોને માન/અપમાનના ચક્કરમાં પડવાની મના કરી. પ્રભુ ઈસુએ કહ્યું કે જ્યારે તમારૂં અપમાન થાય ત્યારે ત્યાં જ પૂર્ણવિરામ મૂકો. એ જ રીતે, પાઉલે લખ્યું કે જે ખ્રિસ્તીઓએ બીજા ખ્રિસ્તીઓ સામે બદલો લેવાનો પ્રયત્ન કર્યો છે તેઓએ બાજી ગુમાવી દીધી છેઃ " હાલ તો તમારામાં ખરેખરી ખોડ છે કે તમે એકબીજા પર ફરિયાદ કરો છો. એમ કરવા કરતાં તમે પોતે કેમ અન્યાય સહન કરતા નથી? અને નુકશાન કેમ વેઠતા નથી?" (૧ કરિંથી ૬:૭).

૧. બદલો લેવાનો આગ્રહ રાખવામાં શું મુશ્કેલી છે? બદલાની હોડ કદી અટકે છે?



© Carrie A. Miles 2008

Created with nitro PDF professional
download the free trial online at nitropdf.com/professional

## પુરૂષપ્રધાનતા

## લુક ૯ : ૫૯-૬૦

---

*પ્રભુ ઈસુએ બીજાને કહ્યું, ''મારી પાછળ આવ'' પણ તેણે તેમને કહ્યું, ''પ્રભુ મને રજા આપો કે હું પહેલાં જઈને મારા પિતાને દાટું.'' પણ તેમણે તેને કહ્યું, ''મૂએલાંઓને પોતાના મૂએલાંઓને દાટવા દે, પણ તું જઈને પરમેશ્વરના રાજ્યની વાત પ્રગટ કર.''*

૨. પ્રભુ ઈસુ આ જુવાન માણસની સામે શું મૂકી રહ્યા હતા?

પ્રભુ ઈસુના આકરા પ્રત્યુત્તરના આધારે બાર્ટચી સૂચવે છે કે આ જુવાન માણસના પિતા હજુ મરી ગયા નથી. જુવાન માણસનું કહેવું એમ છે કે પ્રભુ ઈસુને અનુસરતા પહેલાં, તેણે ઘરે જઈને તેના પિતા મરણ પામે ત્યાં સુધી તેણે તેમની સેવાચાકરી કરવી જોઈએ. એ દિવસોમાં પિતાઓ પૂરી રીતે તેમના કુટુંબો પર રાજ કરતા હતા અને જે માણસોને પોતાનો વારસો જોઈતો હોય તેઓએ પોતાના પિતાઓને મરણપર્યંત આધીન રહેવું પડતું.

અહિં પ્રભુ ઈસુ પુરૂષ-પ્રધાનતાની તથા પરમેશ્વરના રાજ્યની ઉપર દુન્યવી વાનાં શોધવાનું આપણને શીખવતી ભૌતિકવાદી સંસ્કૃતિની ટીકા કરે છે. એવું સ્પષ્ટ જણાય છે કે આ જુવાન માણસે વિચાર્યું હશે કે તેની સંસ્કૃતિની અપેક્ષા પ્રમાણે તે પોતાનો ભાગ ભજવશે – એટલે કે, તે ''તેના પિતાને દાટશે'' અને તેનો વારસો સમેટી લેશે – અને આખરે તે પોતે તેના પિતા જેવા બનવામાંથી છટકી જશે. પણ આપણે શેતાનને છેતરી શકતા નથી – જો આપણે જગિક કાયદાઓથી જીવીશું, તો આપણે એ કાયદાઓથી મરીશું પણ.

૩. જો આ શાસ્ત્રભાગની આ સાચી સમજણ હોય, તો પ્રભુ ઈસુ કયા મૂએલાઓની વાત કરે છે? પ્રભુ ઈસુએ કહ્યું, ''મૂએલાઓને પોતાનાં મૂએલાઓને દાટવા દે'' તેનો શું અર્થ થાય?

## અભિમાન અને અધિકાર

## માર્ક ૧૦:૩૫-૩૭

---

*ઝબદીના દીકરા યાકૂબ તથા યોહાન તેમની (પ્રભુ ઈસુની) પાસે આવીને કહે છે, ''ઉપદેશક અમારી ઈચ્છા છે કે, અમે જે કંઈ માગીએ તે તમે અમારી માટે કરો'' અને તેમણે તેઓને કહ્યુ, ''તમારી શી ઈચ્છા છે? હું તમારે માટે શું કરૂં?'' ત્યારે તેઓએ તેમને કહ્યું, ''તમારા મહિમામાં અમે એક તમારે જમણે હાથે, ને એક તમારે ડાબે હાથે બેસીએ, એવું અમારે માટે કરો.''*

૪. યાકૂબ અને યોહાન શું માગી રહ્યા હતા?



© Carrie A. Miles 2008

Created with nitroPDF professional
download the free trial online at nitropdf.com/professional

## માર્ક ૧૦:૪૧-૪૫ સાથે આગળ વધીએ

*બાકીના દશ એ સાંભળીને યાકૂબ તથા યોહાન સંબંધી નાખુશ થયા.પણ પ્રભુ ઈસુ તેઓને પાસે બોલાવીને કહે છે, "તમે જાણો છો કે વિદેશીઓ પર જેઓ રાજ્ય કરનારા કહેવાય છે, તેઓ તેમના પર ધણીપણું કરે છે. અને તેઓમાં જે મોટા તેઓ તેમના પર અધિકાર ચલાવે છે. પણ તમારામાં એમ નથી; પણ તમારામાં જે કોઈ મોટો થવા ચાહે, તે તમારો સેવક થાય અને જે કોઈ પ્રથમ થવા ચાહે તે સહુનો દાસ થાય. કેમ કે માણસનો દીકરો સેવા કરાવવાને નહિ, પણ સેવા કરવાને, ને ઘણાંની ખંડણીને માટે પોતાનો જીવ આપવાને આવ્યો છે."*

૫. શા માટે બાકીના દશ પ્રેરિતો યાકૂબ અને યોહાન પર ગુસ્સે થયા?

૮. પ્રભુ ઈસુએ પ્રત્યુત્તરમાં તેઓને શું કહ્યું?

આ આશ્ચર્યકારક ક્રાંતિકારી શબ્દો "પ્રભુ ઈસુના મહિમા" માં કાર્યરત હોય એવા પ્રકારના અધિકાર માટેના તેમના શિષ્યોની માન્યતાને "માણસના દીકરા" તરીકેના શીર્ષક સાથે સામાન્ય રીતે સંકળાયેલી અપેક્ષાઓને પલટાવીને પડકારે છે. દાનિયેલ ૭:૧૩-૧૪, અનુસાર "મનુષ્યપુત્રના જેવો એક" જેને પ્રભુ ઈસુની અગાઉની સદીમાં જગતનો ન્યાય કરવા આવનાર તરીકે ઓળખવામાં આવ્યા હતા. "તેને સત્તા, મહિમા તથા રાજ્ય આપવામાં આવ્યાં કે, જેથી બધા લોકો, પ્રજાઓ તથા સર્વ ભાષાઓ બોલનાર માણસો તેના તાબેદાર થાય." પ્રભુ ઈસુએ પોતાની જાતને માણસના દીકરા તરીકે ઓળખાવી અને પછી તેની સાથે સંકળાયેલા હક્કોને ક્રાંતિકારી રીતે જતા કરીને, તેમણે બીજાઓની સેવા કરવાની તૈયારી બતાવી, હા, તેમના પોતાના જીવના ભોગે પણ. (બાર્ટચી, ૧૯૮૭).

## કોમી હુંસાતુસી

## લુક ૧૦: ૨૫-૩૯

*જુઓ, એક પંડિતે ઊભા થઈને પ્રભુ ઈસુનું પરીક્ષણ કરતાં કહ્યું, "ઉપદેશક, અનંતજીવનનો વારસો પામવા માટે મારે શુ કરવું?" તેમણે તેને પૂછ્યું, "નિયમશાસ્ત્રમાં શું લખેલું છે?"... તેણે ઉત્તર આપ્યો, "તારા પરમેશ્વર પ્રભુ પર તારા ખરા હૃદયથી તથા તારા ખરા જીવથી તથા તારા પૂરા સામર્થ્યથી તથા તારા ખરા મનથી પ્રેમ રાખવો. અને જેવો પોતાના પર તેવો તારા પડોશી પર પ્રેમ રાખવો." તેમણે તેને કહ્યું, "તેં ઠીક ઉત્તર આપ્યો છે. એમ કર, એટલે તું જીવશે."*
*પણ તેણે પોતાને ન્યાયી ઠરાવવાની ઈચ્છા રાખીને પ્રભુ ઈસુને કહ્યું, "મારો પડોશી કોણ છે?"*

ભલા સમરૂનીના દ્રષ્ટાંતની આ પ્રસ્તાવનામાં નોંધ લઈએ કે પેલો પંડિત પ્રભુ ઈસુનું "પરીક્ષણ" કરવા ઊભો થયો. સુવાર્તાઓ વાંચતા જોવા મળે છે કે ઘણી વાર કોઈ ને કોઈ પ્રભુ ઈસુનું પરીક્ષણ કરવા કે કસોટી કરવા આવતું હતું. આ બાબત માન/ અપમાન સંસ્કૃતિના એક ભાગરૂપ જેમાં બીજા માણસને નીચો પાડવા અથવા તે મુશ્કેલીમાં મૂકાય એવું કાંઈક બોલાવવાના પ્રયત્નો માટે જીભાજોડીમાં ઉતરતા હોય છે. આ કિસ્સામાં પ્રભુ ઈસુ જીતી ગયા. તેથી પંડિતે "પોતાને ન્યાયી ઠરાવવાની ઈચ્છા રાખીને" બીજું છટકું ગોઠવ્યું, "મારો પડોશી કોણ?"



© Carrie A. Miles 2008

Created with nitro PDF professional
download the free trial online at nitropdf.com/professional

## લુક ૧૦: ૩૦-૩૭ સાથે આગળ વધીએ

*ઈસુએ ઉત્તર આપ્યો, "એક પુરૂષ યરૂશાલેમથી યરીખો જતો હતો; અને તે લૂંટારાના હાથમાં પડ્યો, અને તેઓ તેના વસ્ત્ર ઉતારી લઈને તથા તેને મારીને તેને અધમૂઓ મૂકીને ચાલ્યા ગયા. સંજોગવશાત્ એક યાજક તે માર્ગે થઈને જતો હતો. અને તે તેને જોઈને બીજી બાજુએ ચાલ્યો ગયો. એમ જ એક લેવી પણ તે સ્થળે આવ્યો, ત્યારે તેને જોઈને તે પણ બીજી બાજુએ ચાલ્યો ગયો. પણ એક સમરૂની માર્ગે ચાલતાં ચાલતાં જ્યાં તે પડ્યો હતો ત્યાં આવ્યો; અને તેને જોઈને તેને કરૂણા આવી. તે તેની પાસે ગયો, તેના ઘા પર તેલ તથા દ્રાક્ષારસ રેડીને પાટા બાંધ્યા, અને તેને પોતાના જાનવર પર બેસાડીને ઉતારામાં લઈ ગયો, અને તેની સારવાર કરી. બીજે દિવસે તેણે બે દીનાર કાઢીને ઉતારાવાળાને આપીને કહ્યું, એની સારવાર કરજે; 'અને એ કરતાં જે કંઈ વધારે ખરચ લાગશે તે હું પાછો આવીશ ત્યારે તને આપીશ' હવે તું શું ધારે છે, લૂંટારાના હાથમાં પડેલા માણસનો પડોશી એ ત્રણમાંનો કોણ ઠર્યો?" તેણે તેમને કહ્યું, "જેણે તેના પર દયા કરી તે " પ્રભુ ઈસુએ તેને કહ્યું, "તું જઈને એ પ્રમાણે કર "*

૯. યહુદીઓ સમરૂનીઓને ધિક્કારતા હતા. એક સમરૂનીને આ દ્રષ્ટાંતનો હીરો બનાવીને પ્રભુ ઈસુએ ક્યા મુદ્દા પર ભાર મૂક્યો?

## માથ્થી ૫:૨૭-૨૮

*"વ્યભિચાર ન કર, એમ કહેલું હતુ, એ તમે સાંભળ્યું છે. પણ હું તમને કહું છું કે, સ્ત્રી ઉપર જે કોઈ ખોટી નજર કરે છે, તેણે એટલામાં જ પોતાના મનમાં તેની સાથે વ્યભિચાર કર્યો છે. "*

૮. પુરૂષો અવાર નવાર ઘણી સ્ત્રીઓ સાથે જાતિય સંબંધ દ્વારા તેમનું પૌરૂષત્વ સાબિત કરવા પ્રેરાય છે. "અસલી પુરૂષ" જાતિયતામાં કેવો વર્તાવ કરતો હોય છે એ સંબંધી પ્રભુ ઈસુના વલણ વિષે ચર્ચા કરો.

૯. આ બધા બનાવોમાં સામાન્ય બાબત કઈ છે?

## લાગુકરણ / સાંસ્કૃતિક પડકારો :

૧૦. માણસોએ અમુક મોભો પ્રાપ્ત કરવો જોઈએ અને બીજા લોકો પર ધણીપણું કરવું જોઈએ, એ માન્યતાને લીધે તેઓ કેવી રીતે સીમિત થઈ જાય છે અને નુકશાન વેઠે છે?

૧૧. પુરૂષો : આ બધી બાબતોમાંથી કોઈક રીતે વર્તવામાં તમને સૌથી અઘરૂં શું લાગે છે? જે પરિસ્થિતિઓમાં આ રીતે વર્તવાનું તમને પરીક્ષણ અથવા દબાણ આવે તો તેનો શું ઉપાય છે?

સ્ત્રીઓ : તમારી નજીકના કોઈ પુરૂષ પાસે તમે કદી એવી અપેક્ષા રાખી છે કે તે બીજા લોકો પર વર્ચસ્વ જમાવે અથવા બદલો લે? કેવી રીતે તમારું વર્તન કે તમારી અપેક્ષાઓ બદલાય શકે, જેથી તમારા જીવનમાંના એ પુરૂષોને ખ્રિસ્તમાં સ્વતંત્રતા મેળવવામાં મદદ મળે?

૧૨. ખ્રિસ્તીઓ તરીકે, જેઓ આપણને હાનિ પહોંચાડે છે તેઓને કેવી રીતે અને શા માટે આપણે માફ કરીએ છીએ?



© Carrie A. Miles 2008

Created with nitro PDF professional
download the free trial online at nitropdf.com/professional

## અભ્યાસ ૭ પ્રભુ હોવાનો શું અર્થ થાય?

પ્રભુ ઈસુએ પુરૂષ હોવું એટલે શું, તે વિષેની તેમના જમાનાની તથા આપણા સમયની ઘણી અપેક્ષાઓની ટીકા કરી. ખ્રિસ્તમાં નવા પુરૂષને શાખ કે પૈસા કે જાતિય શોષણની આવશ્યકતા નથી હોતી કે તે બીજા લોકોની ઉપરવટ જવાનો પ્રયત્ન નથી કરતો. તો પછી, ઈસુને પ્રભુ કહેવાનો શું અર્થ થાય?

### ''તમે તો ખ્રિસ્ત છો...''

### માર્ક ૮:૨૭-૩૩

*... ઈસુએ પોતાના શિષ્યોને પૂછ્યું, ''હું કોણ છું, એ વિષે માણસો શું કહે છે?'' અને તેઓએ તેમને કહ્યું, ''તમે યોહાન બાપ્તિસ્ત છો; અને કોઈ, એલિયા; અને કોઈ, પ્રબોધકોમાંના એક છો.'' અને તેમણે તેઓને પૂછ્યું, ''પણ હું કોણ છું, એ વિષે તમે શું કહો છો?'' પિતરે તેમને ઉત્તર આપ્યો, ''તમે તો ખ્રિસ્ત છો'' અને તેમણે તેઓને તાકીદ કરી, ''મારા વિષે તમારે કોઈને કહેવું નહિ.''*

*અને તે તેઓને શીખવવા લાગ્યા, ''માણસના દીકરાએ ઘણું સહેવું, ને વડીલોથી તથા મુખ્ય યાજકોથી તથા શાસ્ત્રીઓથી નાપસંદ થવું, ને માર્યા જવું, ને ત્રણ દિવસ પછી પાછા ઊઠવું, એ જરૂરનું છે.'' અને તે એ વાત ઉઘાડી રીતે બોલ્યા, અને પિતર તેમને એક બાજુએ લઈ જઈને તેમને ઠપકો આપવા લાગ્યો. પણ તેમણે પાછળ ફરીને તથા પોતાના શિષ્યોને જોઈને પિતરને ઠપકો આપ્યો, ''શેતાન, મારી પાછળ જા; કેમ કે તું પરમેશ્વરની વાતો પર નહિ, પણ માણસની વાતો પર ચિત્ત લગાડે છે.''*

પ્રભુ ઈસુના સમયમાં, યહુદી લોકો એવું માનતા હતા કે ઈસ્રાએલનું પૃથ્વી પરનું રાજ્ય સંસ્થાપિત કરવા માટે પરમેશ્વર એક મસીહને મોકલી આપશે. યહુદીઓ દાઉદ કે સુલેમાન જેવા આગેવાનની આશા રાખતા હતા – કોઈ ન્યાયી રાજા જે તેઓને રૂમી હકૂમતમાંથી છોડાવે.

૧. જ્યારે પ્રભુ ઈસુએ એકરાર કર્યો કે તે મસીહ હતા, પણ પછી કહ્યું કે તેમને નકારવામાં તથા મારી નાંખવામાં આવશે, ત્યારે પિતરે કેમ તેમને ઠપકો આપ્યો.?

પ્રભુ ઈસુનો પ્રત્યુત્તર, ''શેતાન, મારી પાછળ જા'' તે આપણને માથ્થી ૪:૮-૧૦, માંના ત્રીજા પરીક્ષણને યાદ કરાવે છે: ''ફરીથી શેતાન તેમને ઘણા ઊંચા પહાડ ઉપર લઈ જાય છે, ને જગતના બધાં રાજ્ય તથા તેઓનો મહિમા તેમને દેખાડે છે. અને તેમને કહે છે 'જો તું પગે પડીને મારું ભજન કરે, તો આ બધાં હું તને આપીશ' ત્યારે પ્રભુ ઈસુ તેને કહે છે, 'અરે શેતાન, આઘો જા; કેમ કે લખેલું છે કે, પ્રભુ તારા પરમેશ્વરનું ભજન કર ને તેમની એકલાની જ સેવા કર'''

૨. મસીહ શું કરશે એ વિષેની પિતરની અપેક્ષા તથા ત્રીજા પરીક્ષણ વચ્ચે શું સંબંધ છે?



© Carrie A. Miles 2008

Created with nitro PDF professional
download the free trial online at nitropdf.com/professional

## માર્ક ૮: ૩૪, ૩૮ માં આ વાંચન સાથે આગળ વધીએ

*તેમણે પોતાના શિષ્યો સહિત લોકોને પાસે બોલાવીને તેઓને કહ્યું, "... આ વ્યભિચારી તથા પાપી પેઢીમાં જે કોઈ મારે લીધે તથા મારી વાતોને લીધે શરમાશે, તેને લીધે માણસનો દીકરો પણ જ્યારે પોતાના પિતાના મહિમામાં પવિત્ર દૂતોની સાથે આવશે, ત્યારે તે શરમાશે."*

3. શા માટે પ્રભુ ઈસુએ એમ કહ્યું કે તેમના શિષ્યો તેમને લીધે શરમાશે?

પરમેશ્વર સત્તાનો ઉપયોગ કેવી રીતે કરે છે તે વિષે પ્રભુ ઈસુએ તેમના શિષ્યોને શીખવવાનો પ્રયત્ન વારંવાર કર્યો છતાં તેઓને તે સમજવાનું ઘણું કઠણ લાગ્યું. પ્રભુ ઈસુના વધસ્તંભે જડાઈ ગયા પછી પણ શિષ્યોની અપેક્ષા ચાલુ જ રહી કે તે પૃથ્વી પર રાજા બનશે. (પ્રેરિતોના કૃત્યો ૧:૬).

### મેલા પગ

## યોહાન ૧૩:૩-૧૦, ૧૨- ૧૭

*(છેલ્લા ભોજન વખતે) પિતાએ બધો અધિકાર મારા હાથમાં સોંપ્યો છે, અને હું પરમેશ્વરની પાસેથી આવ્યો છું, અને પરમેશ્વરની પાસે જાઉં છું, એ જાણીને પ્રભુ ઈસુ જમણ પરથી ઊઠે છે, અને પોતાનાં લૂગડાં ઉતારીને તેમણે રૂમાલ લીધો, અને તેને પોતાની કમરે બાંધ્યો. ત્યાર પછી વાસણમાં પાણી રેડીને શિષ્યોના પગ ધોવા તથા કમરે બાંધેલા રૂમાલથી તે લૂછવા લાગ્યા. એ પ્રમાણે તે સિમોન પિતરની પાસે આવે છે. તે તેમને કહે છે,"પ્રભુ શું તમે મારા પગ ધૂઓ છો?" પ્રભુ ઈસુએ ઉત્તર આપ્યો, "હું જે કરું છું તે તું હમણાં જાણતો નથી, પણ હવે પછી તું સમજશે." પિતર તેમને કહે છે, "હું તમને કદી મારા પગ ધોવા દઈશ નહિં." પ્રભુ ઈસુએ તેને ઉત્તર આપ્યો, "જો હું તને ધોઉં, તો મારી સાથે તારો કંઈ લાગભાગ નથી." સિમોન પિતર તેમને કહે છે, "પ્રભુ, એકલા મારા પગ જ નહિ, પણ મારા હાથ અને મારું માથું પણ ધૂઓ!" પ્રભુ ઈસુ તેને કહે છે, "જે નાહેલો છે, તેના પગ સિવાય બીજું કંઈ ધોવાની અગત્ય નથી, તે પૂરો શુધ્ધ છે... "*

*એ પ્રમાણે તેઓના પગ ધોઈ રહ્યા પછી તેમણે પોતાનાં વસ્ત્ર પહેર્યાં, અને ફરીથી બેસીને તેઓને કહ્યું, "મેં તમને શું કર્યું છે, તે તમે સમજ્યા છો? તમે મને ગુરૂ તથા પ્રભુ કહો છો, એ તમે ખરૂં જ કહો છે, કેમ કે હું એ જ છું, માટે મેં પ્રભુએ તથા ગુરૂએ જો તમારા પગ ધોયા, તો તમારે પણ એકબીજાના પગ ધોવા જોઈએ. કેમ કે જેવું મેં તમને કર્યું, તેવું તમે પણ કરો, એ માટે મેં તમને નમૂનો આપ્યો છે. હું તમને ખચીત ખચીત કહું છું કે ચાકર પોતાના શેઠ કરતાં મોટો નથી; અને જે મોકલાયેલો તે પોતાના મોકલનાર કરતાં મોટો નથી. જો તમે એ વાતો જાણીને તેઓને પાળો, તો તમને ધન્ય છે."*

યહુદીઓનાં શુધ્ધિકરણના ક્રિયાકાંડોની જેમ નહિ, પણ પગ ધોવાની રીત એક વ્યવહારૂ જરૂરિયાત હતી. લોકો સેન્ડલ્સ પહેરતા, અને તેમના પગ મેલાં થતાં. લોકો પાટલીઓ પર ઢળીને જમતા, એથી ગંધાતા પગ બધાની નજરે ચઢતા. એટલે પરોણાગતના ભાગરૂપે મહેમાનોનાં પગ ધોવા એક ચાકરને દરવાજા આગળ ગોઠવવામાં આવતો. ખરેખર પગ ધોવાની ક્રિયા એટલું હલકું કામ ગણાતું કે યહુદી ચાકરને તે સોંપવામાં આવતું નહિ – પણ વિદેશી(બિનયહૂદી) દાસનું કામ બની જતું. "કમરે રૂમાલ બાંધેલો હોય તે દાસ ગણાય." (બ્લેક, ૨૦૧૧).



© Carrie A. Miles 2008

Created with nitro PDF professional
download the free trial online at nitropdf.com/professional

૪. પિતર કેમ આટલો હેરાન થઈ ગયો? જ્યારે પ્રભુ ઈસુએ ઘરના કામવાળા કે કામવાળીનું કામ ઉપાડી લીધું, ત્યારે તેના પ્રકાશમાં પિતરે શું કરવાનું રહે છે?

૫. શા માટે પિતર પ્રભુ ઈસુને વિનંતી કરે છે કે તે તેને પૂરો ધૂએ?

બાર્ટચી સૂચવે છે કે આવા પ્રકારની સંસ્કૃતિમાં માણસ જાણતો હોય છે કે આ નવી રીતભાત વાળી જીવનશૈલી સ્વીકારવા માટે તેણે પૂરેપૂરા બદલાવાની જરૂર છે. અથવા કદાચ પિતર આ પ્રસંગને આધ્યાત્મિક રૂપ આપવાનો પ્રયત્ન કરતો હતો, જેથી તેણે પછી કરવાનું હતું તે કોઈ ગંદુ કામ નહિ, પણ એક ક્રિયાકાંડનું કાર્ય બની જાય.

૬. બીજા બનાવો શોધી કાઢો જેમાં પ્રભુ ઈસુ શબ્દો અથવા નમૂનાની મારફતે બતાવે છે કે અધિકાર, સન્માન અને સત્તા વિષેના જગિક ખ્યાલોને પરમેશ્વરના રાજ્યમાં કોઈ સ્થાન નથી.

૭. ખ્રિસ્તી નમ્રતા એ માત્ર નિશાની છે કે કસોટી છે? શું પ્રભુ ઈસુ પૃથ્વી પરના તેમનાં જીવનકાળ દરમ્યાન માત્ર એટલા માટે નમ્ર હતા કે જેથી તે પછી હંમેશા બીજા બધા પર ''રાજ'' ચલાવી શકે?

> ઈસુ પ્રભુ છે એ સૌથી પહેલાની ખ્રિસ્તી કબૂલાત બે બાબતો સ્પષ્ટ કરે છે. સૌ પ્રથમ, તમે કહો છો કે <u>ઈસુ</u> પ્રભુ છે. આનો અર્થ એ કે બીજા બધા જ પ્રભુ તરીકે બાકાત. આનો અર્થ એ કે બાદશાહ (કે પ્રમુખ કે બિશપ) પ્રભુ ન હોઈ શકે; આનો અર્થ એ કે મારા પિતાજી પ્રભુ ના હોઈ શકે, આનો અર્થ એ કે પતિ પ્રભુ ન હોઈ શકે. <u>ઈસુ</u> પ્રભુ છે. સૌથી પહેલા આ સત્ય સ્વીકારવાનું છે. બીજી બાબત જે ગળે ઉતારવાની તે એ કે ઈસુ <u>પ્રભુ</u> છે. હવે પ્રભુત્વની વ્યાખ્યા ખ્રિસ્તી સમાજમાં ખરેખર એક જ રીતે આપી શકાય... જે રીતે પ્રભુ ઈસુએ બતાવ્યુ... પ્રભુ ઈસુ પ્રભુત્વની સમગ્ર જગ્યા ભરી દે છે. બીજા કોઈને આવકાશ આપતા નથી, અને પછી નીચે ઉતરી આવીને દાસના રૂપમાં કાર્ય કરે છે. તે પુરૂષ અને સ્ત્રી, આપણ સર્વને તેમની સાથે જોડાવા આમંત્રણ આપે છે. જો પ્રભુ તે ઈસુ હોય તો, સાચી સત્તા બીજાઓને અંકુશમાં રાખવાનો પ્રયત્ન નહિ કરે, પણ તે નબળાંને સશક્ત બનાવવા, પડી ગયેલાંને ઉઠાડવા, સમાધાન કરાવવા, સ્વાસ્થ્યલક્ષી તકો ઊભી કરવા, પ્રૌઢતા તથા જવાબદારીને પ્રોત્સાહન આપવા, અને સમાજને સંસ્થાપિત કરવાની ઈચ્છા રાખશે. નોંધ : બીજાઓ પર ધણીપણું કરતી સત્તાના વિરોધાભાસમાં, આ પ્રકારની સત્તાનું જોર અખૂટ પ્રમાણમાં ઉપલબ્ધ છે (બાર્ટચી, ૧૯૯૩).

## લાગુકરણ/સાંસ્કૃતિક પડકારો :-

૮. પરમેશ્વરે બધો અધિકાર પોતાને સોંપ્યો છે તે જાણીને, પ્રભુ ઈસુએ એ અધિકાર એવું કામ કરવા માટે વાપર્યો કે જે કામ શિષ્યો હલકુ ગણતા હતા, અને પછી એ નમૂના પ્રમાણે વર્તવાનું કહ્યું. આજે આપણને એકબીજા પર જે તે અધિકાર આપવામાં આવ્યો હોય, તેનો ઉપયોગ આપણે કેવી રીતે કરવાનો છે? મંડળીમાં તથા કુટુંબમાં પુરૂષ અને સ્ત્રી વચ્ચેના સંબંધમાં આનો શું અર્થ થાય?



© Carrie A. Miles 2008

Created with nitro PDF professional
download the free trial online at nitropdf.com/professional

## અભ્યાસ ૮ ખ્રિસ્ત સ્ત્રીઓને આપે છે તે સ્વતંત્રતા

આ પતિત જગતમાં(સાંસ્કૃતિક રીતે), પુરૂષો દહેજના બદલામાં સ્ત્રીઓ પાસેથી શું મેળવવાની અપેક્ષા રાખે છે?

૧)
૨)
૩)

કાંટા-ઝાંખરાનાં જગતમાં રહેવાનું એક પરિણામ એ છે કે સ્ત્રીનું મૂલ્ય મોટાભાગે સ્ત્રીની બાળકને જન્મ આપવાની ક્ષમતા તથા ઘર ચલાવવાની ત્રેવડ પરથી અંકાય છે, અને તેની જાતિયતાના ધોરણે તે માનીતી કે અણમાનીતી બને છે. જો કે, પ્રભુ ઈસુ પાપમાં થયેલા પતનથી ઉદ્‌ભવેલા બંધનોમાંથી આપણને છોડાવે છે. તે આપણું લક્ષ ખોટી અપેક્ષાઓ પરથી ખસેડીને પુરૂષ કે સ્ત્રી માટે જે ખરેખર અગત્યનું છે તેની પર કેન્દ્રિત કરે છે.

### સ્ત્રી અને બાળકપ્રાપ્તિ

### લુક ૧:૨૬-૨૮, ૩૦, ૩૧, ૩૪, ૩૫, ૩૮

*...ગ્રાબીએલ દૂતને નાઝરેથ નામે ગાલીલના એક શહેરમાં એક કુમારિકાની પાસે પરમેશ્વર તરફથી મોકલવામાં આવ્યો...યુસફ નામે એક પુરૂષ સાથે તેની સગાઈ થઈ હતી; તે કુમારિકાનું નામ મરિયમ હતું. દૂતે તેની પાસે આવીને કહ્યું... "હે મરિયમ, ગભરાઈશ નહિ! કેમ કે તું પરમેશ્વરથી કૃપા પામી છે. જો તને ગર્ભ રહેશે, ને દીકરો થશે, ને તું તેનું નામ ઈસુ પાડશે..." મરિયમે દૂતને કહ્યું, "એ કેમ કરીને થશે? કેમ કે મેં કોઈ પુરૂષને જાણ્યો નથી." દૂતે તેને ઉત્તર આપ્યો, "પવિત્ર આત્મા તારા પર આવશે, ને પરાપત્પરનું પરાક્રમ તારા પર આચ્છાદાન કરશે..." મરિયમે તેને કહ્યું, "જુઓ, હું પ્રભુની દાસી છું; તમારા કહ્યા પ્રમાણે મને થાઓ."*

### પુનર્નિયમ ૨૨:૨૦-૨૧

*તે કન્યામાં તેના કુંવારાપણાનાં ચિહ્ન નથી, એ વાત જો સાચી પડે, તો તેઓ તે કન્યાને તેના પિતાના ઘરના બારણા આગળ લાવે, અને તેના નગરના પુરૂષો તેને પથ્થરે મારીને મારી નાખે.*

૧. જે બાળક યુસફનું ન હતું તેનો ગર્ભધારણ કરવા માટે સંમત થવામાં મરિયમ શું જોખમ ઉઠાવી રહી હતી? આ જોખમ સ્વીકારવાની મરિયમની તૈયારી તેના ચારિત્ર સંબંધી આપણને શું કહે છે?

### લુક ૧૧:૨૭-૨૮

*તે આ વાત કહેતા હતા, ત્યારે લોકોમાંથી એક સ્ત્રીએ મોટે અવાજે તેમને કહ્યું, "જે ઉદરમાં તમે રહ્યા, અને જે થાનને તમે ધાવ્યા તેઓને ધન્ય છે!" પણ તેમણે કહ્યું, "તે કરતાં જેઓ પરમેશ્વરની વાત સાંભળે છે અને પાળે છે તેઓને ધન્ય છે!"*

૨. એ સ્ત્રીના કહેવા પ્રમાણે પ્રભુ ઈસુની માતા વિષે અગત્યનું શું હતું?



© Carrie A. Miles 2008

Created with nitro PDF professional
download the free trial online at nitropdf.com/professional

૩. પતિત જગતમાં, સ્ત્રીઓનું મૂલ્ય તેઓ કેટલાં અને કેવા દીકરા પેદા કરે છે તેની પરથી અંકાય છે. તેથી વિરૂધ્ધમાં, પ્રભુ ઈસુની માતા માટે શું અગત્યનું હતું, એ વિષે તે શું કહે છે? સ્ત્રી માટે કઈ બાબત પરમેશ્વર અગત્યની ગણે છે?

## સ્ત્રી મજૂર તરીકે

### લુક ૧૦:૩૮-૪૨

*તેઓ માર્ગે ચાલતા હતા, તે દરમ્યાન તે એક ગામમાં પેઠા; અને માર્થા નામે એક સ્ત્રીએ પોતાને ઘરે તેમને પરોણા રાખ્યા. મરિયમ નામે તેની એક બહેન હતી, તે પ્રભુ ઈસુના ચરણ આગળ બેસીને તેમની વાત સાંભળતી હતી. પણ માર્થા કામ ઘણું હોવાથી ગભરાઈ. તેથી તેણે તેમની પાસે આવીને કહ્યું, "પ્રભુ, મારી બહેને મને કામ કરવાને એકલી મૂકી છે, તેની શું તમને ચિંતા નથી? તેથી તેને કહો કે તે મને સહાય કરે." પણ પ્રભુએ તેને કહ્યું, "માર્થા, માર્થા, તું ઘણી વાતો વિષે ચિંતા કરે છે અને ગભરાય છે; પણ એક વાતની જરૂર છે; અને મરિયમે સારો ભાગ પસંદ કર્યો છે કે, જે તેની પાસેથી લઈ લેવાશે નહિ."*

૪. શિક્ષકના "પગ આગળ બેસવું" શબ્દોનો અર્થ એ કે તે વ્યક્તિ તેમનો વિદ્યાર્થી કે શિષ્ય હતો. સામાન્ય રીતે સ્ત્રીઓ આવું કરતી ન હતી. પ્રભુ ઈસુ આ પ્રસંગમાં મરિયમને સ્વીકૃતિ આપે છે તે બાબત સ્ત્રીઓ પ્રત્યેના તેમના વલણ સંબંધી આપણને શું કહે છે?

૫. પ્રભુ ઈસુ યજમાન તરીકેની ભૂમિકા ભજવવામાં માર્થાની ચિંતાની તુલના, પરમેશ્વરનું વચન શીખવાની મરિયમની પસંદગી સાથે કરે છે. પ્રભુ ઈસુના પ્રત્યુત્તરે કેવી રીતે માર્થાને છૂટકારો આપ્યો?

૬. બે મરિયમની બે કહાનીઓમાં કઈ બાબતનું સામ્ય છે? આમાંથી પુરૂષો અને સ્ત્રીઓ શું શીખી શકે?

લાગુકરણ :

૭. આ કહાનીઓમાંથી આજની સ્ત્રીઓ શું અર્થ તારવી શકે? બાળકો પેદા ન કરી શકતી અથવા ફક્ત દીકરીઓને જ જન્મ આપતી હોવાથી ત્યજાએલી સ્ત્રીઓનું શું?

૮. પુરૂષ યા સ્ત્રી તરીકે આપણે કેવા હોવું જોઈએ તે વિષેની દુન્યવી અપેક્ષાઓને લીધે "ચિંતીત તથા ગભરાયેલા" હોવામાંથી આપણે કેવી રીતે છૂટી શકીએ, કે જેથી આપણે આપણી જાતોને ખરેખરી અગત્યની બાબતોમાં સમર્પિત કરી શકીએ?

૯. પતિઓ તથા પત્નીઓ, તમે તમારા જીવનસાથીને પ્રભુ ઈસુના ચરણોમાં મુક્તપણે બેસવા માટે કેવી રીતે મદદરૂપ થઈ શકો?



© Carrie A. Miles 2008

Created with nitro PDF professional
download the free trial online at nitropdf.com/professional

## અભ્યાસ ૯ સ્ત્રીઓ જાતિયતાના સાધન તરીકે

પતિત જગતમાં, સ્ત્રીઓની જાતિયતા તે પુરૂષોની માલિકીનું સાધન બની ગઈ છે. મોટાભાગની સંસ્કૃતિઓએ સ્ત્રીઓની જાતિયતા, ખાસ કરીને તેના પતિવ્રતાપણા, પર પુરૂષના "હકો" ને જાળવી રાખવા માટે નિયમો ઘડ્યા છે, જેના કારણે હરવા – ફરવાની અથવા બીજા લોકો સાથે હળવા – મળવાની સ્ત્રીઓના રોજીંદા જીવનની સ્વતંત્રતા પર મોટી પાબંદી આવે છે. પરિણામે, કેટલાક લોકો સ્ત્રી – તથા સ્ત્રી પ્રત્યે પુરૂષમાં જાગતી પ્રબળ જાતિય ઈચ્છા – ને બધી ભૂંડાઈના મૂળ તરીકે જુએ છે. પુરૂષોની વાસના માટે તેઓ સ્ત્રીઓનો વાંક કાઢે છે, અને સ્ત્રીઓ સાથેના સંપર્કને અશુધ્ધ માને છે.

પ્રભુ ઈસુના સમયમાં આવું ખરેખર બનતું હતું. યહુદી માણસ તેની પત્નીને રસ્તા પર બીજા માણસ સાથે વાત કરવાના કારણે છૂટાછેડા આપી શકતો. આવી સંસ્કૃતિમાં ફસાયેલા પુરૂષો કુટુંબની નારી સભ્યોને પોતાના સન્માનને ધમકીરૂપ બાબત તરીકે જોતા, કારણ કે ખરાબ વર્તણૂંક આચરનારી સ્ત્રી આખા કુટુંબને મોટી શરમમાં મૂકતી.

પ્રભુ ઈસુએ જાતિય વ્યવહારના બાઈબલ આધારિત ધોરણો સામે ધર્યા, પણ સ્ત્રીઓની સેવા કરવામાં કે સુવાર્તા પ્રચારમાં તેઓને સામેલ કરવામાં તેઓની બીકને આડે આવવા દીધી નહિ ત્યારે ઘણીવાર લોકોને આશ્ચર્ય થયું.

### "જો તે જાણતા હોત કે કોણ તેમને અડક્યું..."

### લુક ૭: ૩૬-૩૯

*કોઈક ફરોશીએ પોતાની સાથે જમવા માટે તેમને વિનંતી કરી. ફરોશીના ઘરમાં જઈને તે જમવા બેઠા, ત્યારે જુઓ, એ શહેરમાં એક પાપી સ્ત્રી હતી. તેણે જ્યારે જાણ્યું કે ફરોશીના ઘરમાં તે જમવા બેઠા છે, ત્યારે અત્તરની સંગેમરમરની એક ડબ્બી લાવીને, તે તેમના પગ પાસે રડતી રડતી પછવાડે ઊભી રહી, અને પોતાનાં આંસુઓથી તેમના પગ પલાળવા તથા પોતાના ચોટલાથી લૂછવા લાગી, તેણે તેમના પગને ચૂમ્યા, અને તેમને અત્તર ચોળ્યું.*
*તે જોઈને જે ફરોશીએ તેમને નોતર્યા હતા તે વિચાર કરવા લાગ્યો, "જો આ માણસ પ્રબોધક હોત, તો આ જે સ્ત્રી તેને અડકે છે, તે કોણ ને કેવી છે, તે તે જાણત, એટલે કે તે પાપી છે."*

૧. આ ફરોશી કેમ પરેશાન થયો?

### લુક ૭:૪૦-૪૭ સાથે આગળ વધીએ

*પ્રભુ ઈસુએ તેને કહ્યું, "સિમોન, મારે તને કંઈક કહેવું છે." તેણે તેમને કહ્યું,"ઉપદેશક કહો" "એક લેણદારને બે દેવાદાર હતા, એકને પાંચસો દીનારનું દેવું, અને બીજાને પચાસનું હતું, જ્યારે તેઓની પાસે વાળી આપવાનું કંઈ ન હોતું, ત્યારે તેણે બન્ને ને માફ કર્યું, તો તેના પર તેઓમાંનો કોણ વિશેષ પ્રેમ રાખશે?" સિમોને ઉત્તર આપ્યો, "મને લાગે છે કે જેને તેણે વિશેષ માફ કર્યું તે." "તેં વ્યાજબી નિર્ણય કર્યો." પછી તેમણે પેલી સ્ત્રી તરફ મોં ફેરવીને સિમોનને કહ્યું, "આ સ્ત્રીને તું જુએ છે? હું તારે ઘેર આવ્યો ત્યારે મારા પગ ધોવાને માટે તેં મને પાણી આપ્યું નહિ; પણ એણે મારા પગ આંસુથી પલાળીને તેમને પોતાના ચોટલાથી લૂછ્યા છે. તેં મને ચુંબન કર્યું નહિ; પણ હું અંદર આવ્યો ત્યારથી એ મારા પગને ચુંબન કર્યા કરે છે. તેં મારે માથે તેલ ચોળ્યું નહિ; પણ એણે મારા પગે અત્તર ચોળ્યું છે. માટે હું તને કહું છું કે એના પાપ ઘણાં છે તે તેને માફ થયા છે..."*



© Carrie A. Miles 2008

Created with nitroPDF professional
download the free trial online at nitropdf.com/professional

૨. પોતાને અડકનારી સ્ત્રી વિષે પ્રભુ ઈસુએ શું વિચાર્યું?

૩. પ્રભુ ઈસુએ પોતાની જાતને સ્ત્રીઓથી બચાવવી જોઈએ એવું તેમણે વિચાર્યું હોય એવો કોઈ અણસાર છે?

**કૂવા પાસે સ્ત્રી :-**

## યોહાન ૪: ૭, ૯

*એક સમરૂની સ્ત્રી પાણી ભરવાને આવી. પ્રભુ ઈસુ તેને કહે છે "મને પાણી પા." ત્યારે તે સમરૂની સ્ત્રી તેમને કહે છે, "હું સમરૂની સ્ત્રી છતાં તમે યહુદી થઈને મારી પાસે પાણી કેમ માગો છો?" (કેમ કે સમરૂનીઓ સાથે યહુદીઓ કંઈ પણ વ્યવહાર રાખતા નથી.)*

યહુદીઓ અને સમરૂનીઓ વચ્ચે સખત ધિક્કારની ભાવના હતી. યહુદીઓ એવું માનતા હતા કે સમરૂની સ્ત્રીઓ હંમેશા ક્રિયાકાંડની દ્રષ્ટિએ અશુધ્ધ અને અભડાયેલી હોય છે (મેસી ૧૯૮૯.) તે ઉપરાંત, ક્રિયાકાંડની રીતે અશુધ્ધ સ્ત્રીઓને ખાસ કરીને પાણી પીવાના પ્યાલાને અડકવાની છૂટ ન હતી – અને પ્રભુ ઈસુ આ સ્ત્રી પાસે પીવાનું પાણી માગે છે. આ સ્ત્રીને આશ્ચર્ય થાય એમાં શી નવાઈ!

## યોહાન ૪: ૧૬-૧૮, ૨૫-૨૬ સાથે આગળ વધીએ

*પ્રભુ ઈસુ તેને કહે છે, "જા તારા પતિને અહીં તેડી લાવ." સ્ત્રીએ તેમને કહ્યું, "મારે પતિ નથી." પ્રભુ ઈસુ તેને કહે છે, "તેં સાચું કહ્યું કે તારે પતિ નથી; કેમ કે તને પાંચ પતિ હતા, અને હમણાં જે તારી સાથે રહે છે તે તારો પતિ નથી, એ તેં ખરૂં કહ્યું." ... સ્ત્રી તેમને કહે છે, "મસીહ આવે છે, એ હું જાણું છું; તે આવશે ત્યારે તે આપણને બધું કહી બતાવશે." પ્રભુ ઈસુ તેને કહે છે, "તારી સાથે જે બોલે છે તે હું તે છું."*

૪. આ સ્ત્રીના "જાતિય ઈતિહાસ"ને કારણે કોઈ પણ યહુદી માણસ તેને દૂર હડસેલે, અને પ્રભુ ઈસુ આ વાસ્તવિકતાથી વાકેફ હતા. ખરેખર, તો તેમણે એ મુદ્દા પર ખાસ ભાર મૂક્યો. એ સ્ત્રી જે પરિસ્થિતિમાં જીવતી હતી તે વિષેની જાણકારી પ્રભુ ઈસુની તે સ્ત્રી સાથે વાતચીત કરવાની તૈયારીમાં અસર પહોંચાડે છે? પ્રભુ ઈસુ કઈ અગત્યની બાબત આ સ્ત્રી આગળ પ્રગટ કરે છે?

## યોહાન ૪: ૨૭ સાથે આગળ વધીએ

*એટલામાં તેમના શિષ્યો આવ્યા; અને સ્ત્રીની સાથે તે વાત કરતા હતા માટે તેઓ આશ્ચર્ય પામ્યા...*

આ સંસ્કૃતિમાં, પુરૂષો અને સ્ત્રીઓ જાહેરમાં વાત કરતા નહિ, અને ખાનગીમાં પણ એકબીજા સાથે ખાસ વ્યવહાર રાખતા નહિ, કેટલાક પુરૂષો જાહેરમાં તેમની પત્નીઓની તથા દીકરીઓની અવગણના કરતા, જેથી કોઈને એવું ન લાગે કે તેઓ વિચિત્ર રીતે વર્તે છે. શિષ્યોને ઝટકો લાગ્યો.



© Carrie A. Miles 2008

Created with nitroPDF professional
download the free trial online at nitropdf.com/professional

સમરૂની સ્ત્રી તેના ગામમાં પાછી ફરી અને ખ્રિસ્ત માટે સૌ પ્રથમ સાક્ષી બની. યોહાન ૪:૩૯-૪૨કહે છે કે પ્રભુ ઈસુએ કૂવા આગળ આ સ્ત્રી સાથે વાત કરી, જેના પરિણામે ઘણા લોકો પ્રભુની ઓળખમાં આવ્યા.

## બેવડું ધોરણ

## યોહાન ૮: ૩-૧૧

*ત્યારે શાસ્ત્રીઓ અને ફરોશીઓ વ્યભિચારમાં પકડાયેલી એક સ્ત્રીને લાવે છે; અને તેને વચમાં ઊભી રાખીને, તેઓ તેમને કહે છે, "ગુરૂ, આ સ્ત્રી વ્યભિચાર કરતાં જ પકડાઈ છે, હવે મુસાના નિયમશાસ્ત્રમાં આપણને આજ્ઞા આપી છે કે, એવી સ્ત્રીઓને પથ્થરે મારવી તો તમે તેને વિષે શું કહો છો?" પણ તેમના પર દોષ મૂકવાનું કારણ તેમને મળી આવે માટે તેમનું પરીક્ષણ કરતાં તેઓએ એ પૂછ્યું. પણ પ્રભુ ઈસુએ નીચા વળીને જમીન પર આંગળીએ લખ્યું તેઓએ તેમને પૂછ્યા કર્યું, ત્યારે તેમણે ઊભા થઈને તેઓને કહ્યું, "તમારામાં જે કોઈ પાપ વગરનો હોય તે પહેલો તેના પર પથ્થર નાખે." ફરી તેમણે નીચા વળીને આંગળી વડે જમીન પર લખ્યું, તેઓ એ સાંભળીને ઘરડાથી માંડીને એક પછી એક નીકળી ગયા, અને એકલા ઈસુને તથા વચમાં ઊભી રાખેલી સ્ત્રીને મૂકી ગયા. ત્યારે પ્રભુ ઈસુ ઊભા થયા, અને તેને પૂછ્યું,? "બહેન, તેઓ ક્યાં છે? શું કોઈએ તને દોષિત ઠરાવી નથી?" તેણે કહ્યું, "પ્રભુ કોઈએ નહિ." ત્યારે પ્રભુ ઈસુએ કહ્યું, "હું પણ તને દોષિત નથી ઠરાવતો. તું ચાલી જા; હવેથી પાપ કરતી ના."*

૫. પ્રભુ ઈસુએ જમીન પર શું લખ્યું હશે?

નવા કરારના પ્રખર વિદ્વાન એસ. સ્કોટ બાર્ટચી સૂચવે છે કે લખાણ હશે, "પુરૂષ ક્યાં છે?" વ્યભિચાર કરવા માટે બે વ્યક્તિ જોઈએ.

૬. પ્રભુ ઈસુએ માણસોને કહ્યું, "જે કોઈ પાપ વગરનો હોય તે પહેલો પથ્થર નાખે." આ પ્રત્યુત્તર કેવી રીતે ચીલાચાલુ બેવડા ધોરણને પડકારે છે? (બેવડું ધોરણ એ એવી માન્યતા છે કે એક તરફ વ્યભિચાર તે સ્ત્રીઓ માટે ગુનો બની જોય છે, ત્યારે બીજી તરફ પુરૂષ પરસ્ત્રીને રાખે તો વાંધો નહિ).

## "હૃદયમાં વાસના"

## માથ્થી ૫:૨૭-૨૮

*"વ્યભિચાર ન કર, એમ કહેલું હતું, એ તમે સાંભળ્યું છે. પણ હું તમને હું છું કે, સ્ત્રી ઉપર જે કોઈ ખોટી નજર કરે છે, તેણે એટલામાં જ પોતાના મનમાં તેની સાથે વ્યભિચાર કર્યો છે."*

૭. પ્રભુ ઈસુએ પુરૂષોને શું કરવાનું બંધ કરવા માટે આગ્રહ કર્યો? પુરૂષની વાસના માટે પ્રભુ ઈસુ કોનો વાંક કાઢે છે – સ્ત્રીનો કે પુરૂષનો?



© Carrie A. Miles 2008

Created with nitro PDF professional
download the free trial online at nitropdf.com/professional

૮. જો બધા પુરૂષો પ્રભુ ઈસુની આજ્ઞા પાળે અને સ્ત્રીઓ માટેની વાસના અટકાવે, તો સ્ત્રીઓના જીવનોમાં કેવા ફેરફાર આવે?

આ બધા પ્રસંગોમાં, પ્રભુ ઈસુની સામે એ ભયસ્થાનો ઊભા જ હતા, જે સ્ત્રીઓ માટેની તેમની સેવાને સીમિત કરી શક્યા હોત અને જેનાથી સ્ત્રીઓ આકાશના રાજ્યમાં તેઓની સ્વતંત્રતા તથા સ્થાનએ પહોંચવાથી વંચિત રહી હોત. તેમણે આ ભયસ્થાનોની દ્રઢતાથી અવગણના કરી. તે પુરૂષોને એમ પણ કહે છે કે સ્ત્રીઓને પુરૂષોની જરૂરિયાતો સંતોષનાર માત્ર ખોળીયું જ ગણવું તે એક મોટું પાપ છે.

**સમાપન :**

પતિત જગતમાં, સ્ત્રીઓનું મૂલ્ય તેઓના દેહ તથા બાળકોને જન્મ આપવાની, મજૂરી કરવાની અને પુરૂષોને દેહ સુખ (જાતિયતા) આપવાની તેઓની ક્ષમતા પર આંકવામાં આવે છે. પ્રભુ ઈસુએ શીખવ્યું કે સ્ત્રીઓનું મૂલ્ય પરમેશ્વર સાથેના તેના સંબંધમાં સમાયેલું છે. જેમ પુરૂષો માટે કહ્યું તેમ, પ્રભુ ઈસુ આપણને કહે છે કે ખ્રિસ્તમાં નવી સ્ત્રી સૌ પ્રથમ પરમેશ્વરનું રાજ્ય શોધવા માટે સ્વતંત્ર છે.

**લાગુકરણ :**

૯. જો પુરૂષો અને સ્ત્રીઓ જાતિયતા વિષે વિચાર્યા વગર એક સાથે કામ કરી શકતા હોત,તો તમારી નોકરી, શાળા, મંડળી કે પરિવાર કઈ રીતે વધારે સારા હોત?



© Carrie A. Miles 2008

Created with nitroPDF professional
download the free trial online at nitropdf.com/professional

## અભ્યાસ ૧૦   પાઉલ અને કુટુંબમાં અધિકાર

એફેસીઓના પત્રમાં, પ્રેરિત પાઉલે આ પતિત જગતમાં ઉધ્ધાર પામેલાઓએ કેવી રીતે જીવવું તે વિષેના પ્રભુ ઈસુના શિક્ષણની છણાવટ કરી છે. જો કે પાઉલ પર પુરૂષપ્રધાનતાને ટેકો આપવાનો આરોપ છે. પણ એ તેના લખાણ માટેની મોટી ગેરસમજ છે. એફેસી ૫ અને ૬ ને નજીકથી નિહાળતા, આપણને જોવા મળે છે કે પુરૂષપ્રધાનતાને સમર્થન  આપવાને બદલે પાઉલ તેનો સંપૂર્ણપણે બહિષ્કાર કરવામાં પ્રભુ ઈસુને અનુસરે છે.

“અસલી પુરૂષો” બીજા લોકો પર વર્ચસ્વ જમાવે અને તેઓને દાબમાં રાખે તો જ સાચા, એવું કહીને સંસ્કૃતિ પુરૂષો પર બોજ લાદે છે. ભલેને કોઈ માણસ ગરીબ હોય ને બીજા માણસોને પોતાના કહ્યામાં ન રાખી શકતો હોય, પણ સંસ્કૃતિ કહે છે કે તેણે પોતાના ઘરમાં રોફ જમાવવો જોઈએ.

પણ પ્રભુ ઈસુએ શીખવ્યું કે ખ્રિસ્તીઓએ બીજા લોકો પર અંકુશ ને અધિકાર દેખાડવાની જરૂર નથી. આ અભ્યાસમાં આપણે જોઈશું કે કૌટુંબિક સંબંધ દુન્યવી અધિકાર જમાવવાની વિરૂધ્ધમાં પ્રેરિત પાઉલ કેવી રીતે પ્રભુ ઈસુનું શિક્ષણ લાગુ કરે છે. આપણે સૌથી અધમ એવા અધિકાર પર આધારિત સંબંધ એટલે કે ગુલામીની પ્રથાથી શરૂઆત કરીએ.

### પાઉલ અને ગુલામીની પ્રથા :

પાઉલે રૂમી સામ્રાજ્યના શહેરોમાં વસતા લોકોને પત્રો લખ્યા. તેના સમયમાં રોમનો ઝંડો આખા યુરોપ, ભૂમધ્ય વિસ્તાર, તથા મધ્ય-પૂર્વના દેશો પર લહેરાતો હતો. રૂમી સમાજ એવા સત્તાધારી પુરૂષોના નાના જૂથની આસપાસ બંધાયેલો હતો, કે જેઓ મોટી સંખ્યાના બીજા લોકો - તેઓની પોતાની પત્નીઓ, બાળકો અને ગુલામો – પર હકૂમત ચલાવતા. રોમમાં કુટુંબ માટેના મૂળ શબ્દમાં માણસના ગુલામોનો સમાવેશ થતો અને તેમાંના મોટાભાગના ગુલામો મોટા માલિક, તેમની પત્ની તથા તેઓના બાળકો સાથે એક જ કમ્પાઉન્ડમાં રહેતા. ગ્રીસ, ઈટાલી તથા કોરિંથ જેવા શહેરોમાં એક તૃતિયાંશ કે અડધા કરતાં વધારે લોકો ગુલામો હતા, અને બાકીના ત્રીજાભાગનાં લોકો અગાઉ ગુલામ રહી ચૂક્યા હતા. કુટુંબમાં આધીનતા વિશે પાઉલ શું કહે છે તે સમજવા માટે આપણે સૌ પ્રથમ જોવું પડશે કે ગુલામો સાથેના વર્તન સંબંધી તે શું કહે છે. પછી આપણે વાંચીશું કે પાઉલ બાળકોને શું કહે છે, પત્નીઓને શું સૂચના આપે છે – અને છેલ્લે માલિકોને, પિતાઓને તથા પતિઓને કેવું અજાયબ શિક્ષણ આપે છે.

### ગુલામોને સૂચના :

### એફેસી ૬:૫-૮

*દાસો, જેમ ખ્રિસ્તને તેમ દેહ પ્રમાણે જેઓ તમારા માલિકો છે તેઓને બીકથી તથા કંપારીસહિત નિખાલસ હૃદયથી આજ્ઞાધીન રહો. માણસોને પ્રસન્ન કરનારાઓની જેમ, દેખરેખ હોય ત્યાં સુધી જ ચાકરી કરનારાઓની રીતે નહિ, પણ ખ્રિસ્તના દાસોની જેમ, જીવથી ઈશ્વરની ઈચ્છા પૂરી કરો. માણસોની ચાકરી નહિ, પણ જાણે તે પ્રભુની હોય તેમ સમજીને ખુશીથી કરો. જે કોઈ કંઈ સારૂં કરશે, તે દાસ હોય કે સ્વતંત્ર હોય, પણ પ્રભુ તેને તે જ પ્રમાણે બદલો આપશે, એમ સમજો.*

૧. *એફેસી ૬: ૫-૮ માં પાઉલ ગુલામો સાથે કેવી રીતે વર્તવાનું કહે છે? એફેસી ૬:૫-૮માં ગુલામોએ શું કરવાનું છે તે દર્શાવતા ક્રિયાપદો નીચે આપેલા કોઠામાં નોંધો. (બીજા કોઠા પછી ભરીશું). ગુલામોએ કોને આધીન થવાનું છે? ગુલામે “બીકથી તથા કંપારીસહિત” અને “નિખાલસ હૃદયથી” કોના માટે સારા કામ કરવાના છે?*



© Carrie A. Miles 2008

Created with nitro PDF professional
download the free trial online at nitropdf.com/professional

| દાસો | બાળકો | પત્નીઓ |
|---|---|---|
| | | |
| **માલિકો** | **પિતાઓ** | **પતિઓ** |
| | | |

## બાળકોને સૂચના :

## એફેસી ૬:૧-૩

*છોકરાં પ્રભુમાં તમારા માતાપિતાની આજ્ઞાઓ માનો, કેમ કે એ યથાયોગ્ય છે. "તારા પિતાનું તથા તારી માનું સન્માન કર" તે પહેલી વચનયુક્ત આજ્ઞા છે, "એ માટે કે તારૂં કલ્યાણ થાય અને પૃથ્વી પર તારૂં આયુષ્ય લાંબું થાય."*

૨. પાઉલ બાળકોને શું કરવાનું કહે છે? ફરીથી, બાળકોએ શું કરવાનું તે દર્શાવતા ક્રિયાપદો ઉપર આપેલા "બાળકો" વાળા કોઠામાં નોંધો. બાળકોએ આ કેમ કરવાનું છે?

## પત્નિઓને સૂચના :

## એફેસી ૫:૨૧-૨૪, ૩૩

*ખ્રિસ્તનું ભય રાખીને એકબીજાને આધીન રહો. પત્નીઓ, જેમ પ્રભુને તેમ પોતાના પતિઓને આધીન રહો. કેમ કે જેમ ખ્રિસ્ત મંડળીનું શિર છે, તેમ પતિ પત્નીનું શિર છે, વળી ખ્રિસ્ત શરીરનો ત્રાતા છે. જેમ મંડળી ખ્રિસ્તને આધીન છે, તેમ પત્નીઓએ સર્વ બાબતોમાં પોતાના પતિઓને આધીન રહેવું.*
*...પત્ની પોતાના પતિનું માન રાખે.*

૩. પાઉલ સ્ત્રીઓને શું કરવાનું કહે છે? ઉપર આપેલા "પત્નીઓ" વાળા કોઠામાં તેને લગતા ક્રિયાપદો નોંધો.

૪. પત્નીઓને જે કરવાનું કહેવામાં આવ્યું છે અને બાળકોને તથા દાસોને જે કરવાનું કહેવામાં આવ્યું છે તેની વચ્ચે શું તફાવત છે?



© Carrie A. Miles 2008

Created with nitroPDF professional
download the free trial online at nitropdf.com/professional

જો કે, બાઈબલની ઘણી આવૃત્તિઓમાં ૨૧ અને ૨૨ કલમો વચ્ચે ફકરો મૂકે છે. પણ તે બે કલમો એક જ વાક્યના ભાગરૂપ છે. ખરેખર તો, મૂળ પ્રતમાં ૨૨ મી કલમમાં કોઈ ક્રિયાપદ આવતું નથી, પણ તે ૨૧ મી કલમ સાથે જોડાયેલી છે. પાઉલ ફક્ત પત્નીઓ પાસેથી આધીનતાનો આગ્રહ નથી રાખતો. પણ બધા ખ્રિસ્તીઓ – નર અને નારી – એ "એકબીજાને આધીન રહેવાનું છે."

નોંધ લેશો કે પત્નીઓને "સ્વાધીન" થવાનું કહ્યું છે. "આજ્ઞા" માનવાનું નહિ. અંગ્રેજી અને આપણી સ્થાનિક (ગુજરાતી) ભાષામાં "આધીન" અને "આજ્ઞાધીન" વચ્ચે બહુ થોડો તફાવત હશે. તેમ છતાં, આપણે અભ્યાસ ૧૧ માં જોઈશું કે, પાઉલે જે ગ્રીક ભાષામાં લખ્યું તેમાં, "આધીન રહો" તરીકે ભાષાંતર કરવામાં આવેલા શબ્દનો અર્થ આજ્ઞા માનવી કે બીજા કોઈ સાથે સંમત થવું એવો થતો નથી. પણ પાઉલ ખ્રિસ્તીઓને કહે છે કે એકબીજા ઉપર વર્ચસ્વ જમાવવાની જગિક હોડમાંથી બહાર આવવાની હેતુપૂર્વક પસંદગી કરવા દ્વારા પ્રભુ ઈસુને અનુસરો.

૫. શા માટે પત્નીઓએ એમ કરવાનું?

ગુલામો, બાળકો અને પત્નીઓના કોઈ અધિકાર ન હતા. રૂમી કાયદા પ્રમાણે તેઓએ પોતાના માલિકો, પિતાઓ અથવા પતિઓને આજ્ઞાધીન રહેવાનું હતું. ખરેખર તો, રૂમી માણસ અનાજ્ઞાંક્તિ દાસ અથવા બાળકને મારી નાખી શકતો. ઘણા દાસો, પત્નીઓ તથા જુવાન બાળકો પોતાની જાતનું રક્ષણ કરવા કે અંગત લાભ મેળવવા તેઓથી બને એ બધું જ કરી છૂટતા – ઘણીવાર બનાવટ કે ખુશામત(માણસોને પ્રસન્ન કરવા "દેખરેખ"હોય ત્યાં સુધી ચાકરી) કરતા. પાઉલ ખ્રિસ્તીઓને કહે છે કે તેઓએ હવે પછી ભય, લાચારી કે અંગત લાભના કારણે કંઈ કાર્ય કરવાની જરૂર નથી. તેના બદલે, તેઓને સોંપવામાં આવેલું કાર્ય એવી રીતે કરવાનું છે કે પરમેશ્વરની સેવા થાય અને ખ્રિસ્તને માન મળે.

## માલિકોને સૂચના :

## એફેસી ૬:૯

*વળી, માલિકો, તમે તેઓ(દાસો)ની સાથે એમ જ વર્તો, ધમકી આપવાનું છોડી દો. અને આકાશમાં તેઓનો તેમ જ તમારો પણ એક જ માલિક છે, અને તેમની પાસે પક્ષપાત નથી એમ જાણો.*

૬. દાસોએ જેમ તેઓના માલિક સાથે વર્તવાનું હતું, તે જ રીતે માલિકોએ તેઓના દાસોની સાથે વર્તવું, એવું પાઉલ કહે છે. આ બાબતો કઈ હતી? તે માલિકોને બીજી કઈ બાબતો કરવાનું કહે છે? ઉપર આપેલા "માલિકો" વાળા કોઠામાં એ બાબતો લખો.

૭. "પરમેશ્વર પાસે પક્ષપાત નથી" એટલે શું?

## પિતાઓને સૂચના :

## એફેસી ૬:૪

*વળી, પિતાઓ, તમારાં છોકરાંને ચીડવો નહિ, પણ પ્રભુના શિક્ષણમાં તથા બોધમાં તેઓને ઉછેરો.*

૮. એફેસી ૬:૧-૩ પાઉલે બાળકોને કહ્યું કે તેઓ પોતાનાં પિતા તથા માતા બન્નેની આજ્ઞાઓ માને તથા તેઓનું સન્માન કરે. ૪ થી કલમમાં તે ફક્ત પિતાઓને સંબોધે છે. પતિત જગતમાં, દીકરાની ફરજ છે કે તે તેના પૂર્વજોની શાન વધારે. રોમમાં તો કાયદો હતો કે દીકરો પોતાના પિતા પ્રત્યે આજ્ઞાધીન તથા સેવાભાવી બની રહે; અને અનાજ્ઞાકારી દીકરાને મૃત્યુદંડ થઈ શકતો. તેના વિરોધાભાસમાં, ખ્રિસ્તી પિતા પોતાના બાળકના આજ્ઞાપાલન તથા સન્માનને કયા હેતુ માટે વાપરે છે તે વિષે આ કલમ શું કહે છે? ઉપર આપેલા "પિતાઓ" વાળા કોઠામાં આ ક્રિયાપદો લખો.



© Carrie A. Miles 2008

Created with nitroPDF professional
download the free trial online at nitropdf.com/professional

## પતિઓને સૂચના :

## એફેસી ૫: ૨૫-૩૩

*[૨૫] પતિઓ, જેમ ખ્રિસ્તે મંડળી પર પ્રેમ રાખ્યો, અને તેની ખાતર પોતાનું સ્વાર્પણ કર્યું, તેમ તમે પોતાની પત્નીઓ પર પ્રેમ (ગ્રીકમાં **'agape'** - અર્થાત્ સંભાળપૂર્વક કાળજી) રાખો. [૨૬] એ માટે કે વચન વડે જળસ્નાનથી શુધ્ધ કરીને, પવિત્ર કરે, [૨૭] અને જેને ડાઘ, કરચલી કે એવું કંઈ ન હોય, પણ તે પવિત્ર તથા નિર્દોષ હોય, એવી મંડળી તરીકે પોતાની આગળ મહિમાવંતી રજૂ કરે. [૨૮] એ જ પ્રમાણે પતિઓએ જેમ પોતાનાં શરીરો પર તેમ પોતાની પત્નીઓ પર પ્રેમ રાખવો જોઈએ. જે પોતાની પત્ની પર પ્રેમ રાખે છે, તે પોતા પર પ્રેમ રાખે છે. [૨૯] કેમ કે કોઈ માણસ પોતાના દેહનો દ્વેષ કદી કરતો નથી, પણ તે તેનું પાલનપોષણ કરે છે, જેમ પ્રભુ પણ મંડળીનું કરે છે તેમ. [૩૦] કેમ કે આપણે તેમના શરીરનાં અવયવો છીએ. [૩૧] એ માટે પુરૂષ પોતાનાં માબાપને મૂકીને પોતાની પત્નીની સાથે જોડાઈને રહેશે, અને તેઓ બન્ને એક દેહ થશે. [૩૨] આ મોટો મર્મ છે, પણ હું ખ્રિસ્ત તથા મંડળી સંબંધી કહું છું. [૩૩] તો પણ તમારામાંનો દરેક જેમ પોતાના પર તેમ પોતાની પત્ની પર પ્રેમ રાખો...*

પોતાના ગુલામોને, બાળકોને, તથા પત્નીઓને ધમકાવવા, બળપૂર્વક મનાવવા અને તેઓ પર ધણીપણું કરવું એ રૂમી પુરૂષનો હક અને ફરજ હતા. વર કે કન્યાની લાગણીઓની પરવા કર્યા વગર, પિતાઓ તેમનાં પોતાના લાભની ખાતર લગ્નો ગોઠવી દેતા. રૂમી કન્યાની સરેરાશ ઉંમર ૧૨ વર્ષની રહેતી, તેને લગભગ ૩૦ વર્ષની આસપાસના માણસ સાથે પરણાવી દેતા. પાઉલના વાંચકોને ઉન્માદક પ્રેમ કે સહભાગિયા લગ્ન વિષેના આધુનિક ખ્યાલોનો અનુભવ ન હતો. રૂમી પત્નીઓએ તો બસ તેઓના પતિઓને કાયદેસરના વારસદારો (ખાસ, દીકરાઓ) જણી આપવાના અને તેમનાં ઘર ચલાવવાના હતા.

માન/અપમાનની સંસ્કૃતિઓમાં પુરૂષો ઘણી બધી શક્તિ બીજાઓને નીચા પાડીને પોતાના કુટુંબોને ઊંચા લાવવાના પ્રયત્નોમાં ખર્ચી નાખે છે. પત્ની જે બીજા કુટુંબમાંથી આવી હોય તેને સામાન્ય રીતે શંકાની નજરે જોવામાં આવતી હોય છે. અને પત્નીઓ પોતાના પતિઓ કરતા પોતાના પિતાઓ પ્રત્યે પ્રથમ વફાદારી ધરાવતી હોય. પત્ની જ્યારે દીકરાને જન્મ આપે ત્યાર પછી જ તેની પર વિશ્વાસ મૂકવામાં આવે. લગ્નમાં લાગણીશીલ આત્મિયતાની અપેક્ષા રાખવામાં આવતી નહિ. જો રૂમી વ્યક્તિને કોઈ મુશ્કેલી હોય તો તે પોતાના જીવનસાથી પતિ કે પત્નીની સલાહ ન લેતા પોતાના ભાઈ પાસે જતી.

૯. પતિઓએ પોતાની પત્નીઓ સાથે કેવી રીતે વર્તવાનું છે, એ વિષે પાઉલ શું કહે છે? ઉપર આપેલા "પતિઓ" વાળા કોઠામાં ક્રિયાપદો લખો.

૧૦. ઉપર ખાનાઓમાં દાસો તથા માલિકો, પત્નીઓ તથા પતિઓ, અને બાળકો તથા માતાપિતામાં લખેલા ક્રિયાપદો જુઓ. તમારા અભિપ્રાયમાં, પાઉલ પુરૂષપ્રધાનતાને ટેકો આપે છે કે કંઈક અલગ બાબતોનો આગ્રહ રાખે છે?

પાઉલે જે બાબતો ખ્રિસ્તી પુરૂષોને કરવાની કહી - તેઓના બાળકોનું તથા પત્નીઓનું જતન કરવામાં આવે! પોતાની જાતોને બીજા લોકો માટે આપી દેવી! તેઓના દાસો તથા બાળકો પર તેઓ જે જગિક અધિકાર ધરાવતા હતા તે જતો કરવો! તેઓની સંસ્કૃતિ પુરૂષો પાસે જે પ્રકારના વર્તનની અપેક્ષા રાખતી હતી, તેના કરતા આ બાબતો સાવ ઉલટી હતી.

દાસો, બાળકો તથા પત્નીઓને પાઉલે આપેલી સલાહે સ્વીકાર્યું કે ભારે માથાઓને મળેલો જગિક અધિકાર નકારી કે ટાળી શકાય નહિ. આ બધા લોકો રૂમી કાયદા હેઠળ આવતા હતા. પણ ખ્રિસ્તી પુરૂષોને એમ કહેવા કરતા કે પોતાના કુટુંબો પર ધણીપણું કરવું એ તેઓની ફરજ છે, અથવા પોતાના અંગત લાભ માટે તેઓનો ઉપયોગ કરવો એ તેઓનો હક છે. પાઉલે તેઓને કહ્યું, કે તેઓની સંસ્કૃતિએ તેઓને જે અધિકાર આપ્યો છે તેનો ખ્રિસ્તીઓએ કેવી રીતે વહીવટ કરવો. તેણે કહ્યું કે જો તમે મોટા માણસ કે વગદાર વ્યક્તિ બનવા પામો, તો પ્રભુ ઈસુ જેવા હતા તેવા બનજો :



© Carrie A. Miles 2008

Created with nitroPDF professional
download the free trial online at nitropdf.com/professional

(પ્રભુ ઈસુના આગમન પછી)... ખ્રિસ્તી સમાજમાં જે રીતે પ્રભુ ઈસુએ પોતાનું પ્રભુત્વ દર્શાવ્યું, બસ એ એક જ રીતે પ્રભુપણાની યોગ્ય વ્યાખ્યા આપી શકાય... પ્રભુ ઈસુ પ્રભુત્વની સમગ્ર જગ્યા ભરી દે છે, જેમાં પછી બીજા કોઈને અવકાશ રહેતો નથી, પછી તે નીચે ઊતરી આવીને ચાકરના રૂપમાં સેવા કરે છે. તે આપણ સર્વને તેમની સાથે ત્યાં જોડાવા આમંત્રણ આપે છે... નર અને નારી (બાર્ટચી, ૧૯૯૭).

અંગત લાભ સ્વૈચ્છિકપણે જતા કરવા એ ખ્રિસ્તી સમપર્ણની મુખ્ય નિશાની છે. જો દુનિયા તમને વગદાર મોટા માણસ બનાવતી હોય, તો તેના બદલે તમે દાસ બનો એ ખ્રિસ્તી (પાઉલ અનુસાર) પ્રત્યુત્તર છે.

| દાસો | બાળકો | પત્નીઓ |
|---|---|---|
| • તેઓના માલિકોને આજ્ઞાધીન રહે.<br>• બનાવટી ન બનશો ("દેખરેખ હોય ત્યાં સુધી જ નહિ")<br>• બંધન માં હોવા છતાં શક્ય એટલી પ્રભુની સેવા કરો. | • માતાપિતા બન્નેની આજ્ઞા માનો<br>• માતાપિતા બન્નેનું સન્માન કરો. | • સ્વાધીન રહો<br>• પોતાના પતિઓનું માન રાખો |
| **માલિકો** | **પિતાઓ** | **પતિઓ** |
| • દાસોએ વર્તવું જોઈએ એ રીતે વર્તો.<br>• ધમકી ન આપો (બળપૂર્વક સત્તા ન વાપરો)<br>• યાદ રાખો કે માલિકોનો જગિક રીતે ઊંચો મોભો પ્રભુ ગણકારતા નથી | • ચીડવો નહિ (બળપૂર્વક સત્તા ન વાપરો)<br>• જતન કરો અને<br>• પ્રભુના શિક્ષણમાં તથા બોધમાં ઉછેરો. | • *Agape* પ્રેમ<br>• પોતાની જાત—પોતાના શરીર પર કરે એવો પ્રેમ.<br>• પત્ની માટે બલિદાન આપો.<br>• તેને મહિમાવંતી કરો, જતન કરો, કાળજી રાખો,<br>• પત્નીની ખાતર માતાપિતાને મૂકો |

લાગુકરણ :

૧૧. શા માટે પાઉલને એવું લાગ્યું કે તેણે ખ્રિસ્તને અનુસરનારા પુરૂષોની પત્નીઓને ઉત્તેજન આપવું જોઈએ કે તે સ્ત્રીઓ પોતાના પતિઓને માન આપે (કલમ ૩૩)?

૧૨. માતાપિતાએ પોતાના બાળકોને કેવી રીતે વર્તવું એ માટેની પાઉલની સૂચનાઓનો શું અર્થ થાય? લોકોએ તેમનાં ઘરકામમાં મદદ કરનારાઓને કેવી રીતે રાખવા જોઈએ? પરણિત લોકોએ એકબીજા સાથે કેવી રીતે વર્તવું જોઈએ?


© Carrie A. Miles 2008
Created with nitroPDF professional
download the free trial online at nitropdf.com/professional

## અભ્યાસ ૧૧ પ્રેરિત પાઉલ "શિરપણું"

લગ્નજીવન વિષેના પ્રેરિત પાઉલના શિક્ષણનો આશય પુરૂષ અને સ્ત્રીને સૃષ્ટિના આદર્શ સંબંધમાં પાછા લાવવાનો છે. પાઉલનું શિક્ષણ આપણને કેવી રીતે સ્વતંત્ર કરે છે તે સમજવા માટે, આપણે પાપના પતનને કારણે ઉદ્દભવેલી સાંસ્કૃતિક સીમિતતાઓને બાજુ પર મૂકવી પડશે. પતિના તેની પત્ની સાથેના સંબંધનું વર્ણન કરવા માટે તેણે વાપરેલા "શિર" શબ્દની સાચી સમજ, તે એક મહત્વનું પ્રથમ પગલું છે.

### "કેમ કે પતિ પત્નીનું શિર છે..."

### એફેસી ૫:૨૦-૨૩

*આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને નામે સર્વને માટે પરમેશ્વર પિતાની આભારસ્તુતિ નિત્ય કરજો. ખ્રિસ્તનું ભય રાખીને એકબીજાને આધીન રહો – પત્નીઓ, જેમ પ્રભુને તેમ પોતાના પતિઓને. કેમ કે જેમ ખ્રિસ્ત મંડળીનું શિર છે, તેમ પતિ પત્નીનું શિર છે. વળી તે પોતે શરીરના ત્રાતા છે.*

૧. લોકો સામાન્ય રીતે આ શાસ્ત્રભાગમાં "શિર"નો શું અર્થ સમજે છે ?

૨. પતિ-પત્ની વચ્ચેના સંબંધને વર્ણવવામાં આ કલમોની રૂઢિગત સમજણ શી રહી છે?

કેટલીક ભાષાઓમાં "શિર" શબ્દનો અર્થ "આગેવાન" "મોટા સાહેબ"અથવા "ઉચ્ચ અધિકારી" થાય છે. પાઉલે જે શબ્દ વાપર્યો તેમાંથી આ એકે અર્થ નીકળતો નથી.

અહિં વપરાયેલો શબ્દ *kephale* કોઈ વસ્તુની ઉપરનો ટોચનો ભાગ સૂચવે છે, દા.ત. થાંભલાની ટોચ, તેનો સૌથી સામાન્ય અર્થ છે શરીરનો ભાગ – વ્યક્તિનું માથું, ભાગ્યે જ તેનો અર્થ નદીના મુખ જેવો "સ્ત્રોત" (ઉદ્દભવસ્થાન) કરી શકાય. વળી તે યુધ્ધમાં સૌથી મોખરે રહેતા સૈનિક માટે વપરાતો મિલીટરી શબ્દ છે – જનરલ નહિ, પણ સૌથી જોખમી સ્થાને રહેનાર. જ્યારે પાઉલે લખ્યું, ત્યારે *kephale* નો અર્થ કોઈની ઉપર અધિકાર, આગેવાન, મોટા સાહેબ, વડા કે અમલદાર એવો થતો જ નહિ.

ખરેખર તો જ્યારે નવા કરારના લેખકો આગેવાન કે અમલદારનો ઉલ્લેખ કરવા માંગતા અલગ શબ્દ *arche* (or *archon*) વાપરતા. જો લેખક સામાન્ય "અધિકાર" ની વાત કરવા માંગતા હોય તો *exousia* શબ્દ વાપરતા. બીજા જે શબ્દો પાઉલ વાપરી શક્યો હોત (પણ વાપર્યા નહિ) તે છે *kyrios* (પ્રભુ) અથવા *despotis* (જેનો અનુવાદ "ધણી"અથવા "ઘરના વડા" તરીકે થાય).

એફેસી ૫ અથવા ૧ કરિંથી ૧૧ માં પતિ-પત્ની વચ્ચેના સંબંધનો ઉલ્લેખ કરતા પાઉલ આમાંનો એક પણ શબ્દ વાપરતો નથી. આગળ જતાં આપણે જોઈશું કે, પતિ માટે પોતાની પત્નીના શિર હોવું તે એક અજાયબ વાત છે – પણ શિર શબ્દ વાપરવામાં પાઉલનો આશય એ નથી કે પુરૂષ પોતાની પત્ની પર કોઈ પ્રકારનો અધિકાર ચલાવે.



© Carrie A. Miles 2008

Created with nitroPDF professional
download the free trial online at nitropdf.com/professional

## “ જેમ ખ્રિસ્ત મંડળીનું શિર છે તેમ...”

પુરૂષ એ સ્ત્રીનું શિર છે એવો ઉલ્લેખ નવા કરારમાં ફક્ત બે વાર કરાયો છે, પણ ખ્રિસ્તનું સંબોધન મંડળીના શિર તરીકે ઘણીવાર કરવામાં આવ્યું છે. ખ્રિસ્ત માટે મંડળીના શિર હોવું એનો શું અર્થ થાય તે સમજવાથી, લગ્નજીવનમાં પાઉલનાં શિર/શરીર વાળા રૂપકની આપણી સમજણ ખુલશે.

એફેસી ૧:૯-૧૦ એ સંબંધિત શબ્દ વાપરે છે જે પાઉલના અર્થને સ્પષ્ટ કરે છે:

## એફેસી ૧:૯-૧૦

*પરમેશ્વરે તેમનામાં પોતાના સંકલ્પથી પોતાની પ્રસન્નતા પ્રમાણે, પોતાની ઈચ્છાનો મર્મ આપણને જણાવ્યો કે સમયોની સંપૂર્ણતાની વ્યવસ્થામાં, સ્વર્ગમાંનાં તથા પૃથ્વી પરનાં સર્વ વાનાંનો ખ્રિસ્તમાં તે સમાવેશ કરે(અથવા “ભેગા લાવે”).*

“ભેગા લાવે,” *તરીકે અનુવાદ કરાયેલા શબ્દ ‘ana**kephal**aio’* નો ખરો અર્થ છે “સમાવેશ કરવો” જેનો અનુવાદ “સમાપન કરવું” “એકત્રિત કરવું” કે “કેટલીક વસ્તુઓને એકમાં ભેગી કરવી” એવો થાય.

“શિર” શબ્દનો અર્થ “વસ્તુઓને એકમાં ભેગી કરનાર” વ્યક્તિ, એ મનમાં રાખીને ખ્રિસ્તને શિર તરીકે દર્શાવતી નીચેની કલમો ધ્યાનમાં લો :

*કલોસી૧:૧૭-૧૮: “તે સર્વની પૂર્વેથી હયાત છે, અને તેમનાથી સર્વ વ્યવસ્થિત થઈને રહે છે. તે શરીરનું એટલે મંડળીનું શિર છે.....”*

*કલોસી ૨: ૧૯ (પાઉલ કોઈ લેભાગુ માણસની વાત કરે છે): “તે શિરને વળગી રહેતો નથી, એ શિરથી આખું શરીર, સાંધાઓ તથા સ્નાયુઓથી પોષણ પામીને તથા જોડાઈને પરમેશ્વરથી વૃધ્ધિ પામે છે.”*

*એફેસી ૪:૧૫ (પાઉલ આપણને કહે છે કે ખ્રિસ્તમાં હવે પછી ડોલાં ખાનાર બાળકો નથી): “પણ પ્રેમથી સત્યને અનુસરીને, ખ્રિસ્ત જે શિર છે, તેમાં સર્વ પ્રકારે વધીએ. એમનાથી આખું શરીર ગોઠવાઈને તથા દરેક સાંધા વડે જોડાઈને, દરેક અંગ પોતાની શક્તિ પ્રમાણે કાર્ય કર્યાથી પ્રેમમાં પોતાની ઉન્નતિને માટે પોતાની વૃધ્ધિ કરે છે.”*

*કલોસી ૨:૯-૧૦ “કેમ કે ખ્રિસ્તમાં પરમેશ્વરની સર્વ પરિપૂર્ણતા મૂર્તિમાન છે. અને તમે તેમનામાં સંપૂર્ણ થયા છો. તે સર્વ રાજ્ય **(‘arche’)** નું તથા અધિકારનું શિર **(‘kephale’)** છે.”*

*એફેસી ૧:૨૨-૨૩ “વળી બધાંને તેમણે તેમના પગો નીચે રાખ્યાં અને તેમને સર્વ પર મંડળીના શિર તરીકે નિર્માણ કર્યા તે તો તેમનું શરીર છે, એટલે જેમ સર્વ વાતે સર્વને ભરપૂર કરે છે તેનુ ભરપૂરપણું છે.”*

૩. આ કલમોમાં “શિર” નો અર્થ શું થાય છે?



© Carrie A. Miles 2008

Created with nitro PDF professional
download the free trial online at nitropdf.com/professional

"શિર" એક અમલદાર તરીકે અને "શિર" જે સમાવેશ કે એકત્રિત કરે અથવા આપણને વૃધ્ધિ પામવામાં મદદરૂ થાય, એ વચ્ચેનો તફાવત સમજવાના આપણા પ્રયત્નોમાં એફેસી ૧:૨૨-૨૩ ખાસ રીતે અગત્યનો શાસ્ત્રભાગ છે. આ કલમોમાં, ખ્રિસ્ત મંડળીની સાથે એક છે – મંડળી જે તેમનું શરીર તથા તેમનું ભરપૂરપણું છે. ખ્રિસ્તની આધીનતામાં લવાયેલા બધાં તેમના પગ નીચે છે, માથા નીચે નહિ. આ રીતે શિર એ શરીરને નીચું પાડીને તેને આધીનતામાં નથી લાવતું કે તેના પર ધણીપણું નથી કરતું કે વર્ચસ્વ નથી જમાવતું, પણ તેની સાથે એકતામાં સાથે અમલ ચલાવે છે.

ગ્રીક વિદ્વાન રિચાર્ડ સેરવીન લખે છે, પાઉલ તેના પત્રોમાં શિર શબ્દોનો પ્રયોગ કરે તેનો શું અર્થ? "પાઉલ તેના પત્રોમાં શિર શબ્દનો પ્રયોગ કરે છે તેનો શું અર્થ? રૂઢિવાદીઓ માને છે તેમ "ઉપર અધિકાર" તેનો અર્થ નથી, કે સમાનતા વાદીઓ માને છે તેમ "સ્ત્રોત કે ઉદ્દભવસ્થાન" પણ તેનો અર્થ નથી. હું માનું છું કે તે ફક્ત શિર-શરીર રૂપક વાપરે છે. "

શિર + શરીર = એક દેહ

## એફેસી ૫:૨૦-૩૧

પાઉલ આ શાસ્ત્રભાગમાં શિર/શરીર રૂપક વાપરે છે તે જોઈએ:

*[૨૦] આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને નામે સર્વને માટે પરમેશ્વર પિતાની આભારસ્તુતિ નિત્ય કરજો.[૨૧] ખ્રિસ્તનું ભય રાખીને એકબીજાને આધીન રહો - [૨૨]પત્નીઓ જેમ પ્રભુને તેમ પોતાના પતિઓને. [૨૩] કેમ કે જેમ ખ્રિસ્ત મંડળીનું શિર (એકતાનો સર્જક) છે, તેમ પતિ પત્નીનું શિર (જે એકતા માટે કાર્ય કરે છે) વળી તે પોતે શરીરના ત્રાતા છે. [૨૪] જેમ મંડળી ખ્રિસ્તને આધીન છે, તેમ પત્નીઓએ સર્વ બાબતોમાં પોતાના પતિઓને આધીન રહેવું.*

*[૨૫] પતિઓ, જેમ ખ્રિસ્તે મંડળી પર પ્રેમ રાખ્યો, અને તેની ખાતર પોતાનું સ્વાર્પણ કર્યું, તેમ તમે પોતાની પત્નીઓ પર પ્રેમ રાખો. [૨૬] એ માટે કે વચન વડે જળસ્નાનથી શુધ્ધ કરીને, પવિત્ર કરે, [૨૭] અને જેને ડાઘ, કરચલી કે એવું કંઈ ન હોય, પણ તે પવિત્ર તથા નિર્દોષ હોય, એવી મંડળી તરીકે પોતાની આગળ મહિમાવંતી રજૂ કરે. [૨૮] એ જ પ્રમાણે પતિઓએ જેમ પોતાનાં શરીરો પર તેમ પોતાની પત્નીઓ પર પ્રેમ રાખવો જોઈએ. જે પોતાની પત્ની પર પ્રેમ રાખે છે, તે પોતા પર પ્રેમ રાખે છે. [૨૯] કેમ કે કોઈ માણસ પોતાના દેહનો દ્વેષ કદી કરતો નથી, પણ તે તેનું પાલનપોષણ કરે છે, જેમ પ્રભુ પણ મંડળીનું કરે છે તેમ. [૩૦] કેમ કે આપણે તેમના શરીરના અવયવો છીએ. [૩૧] એ માટે પુરૂષ પોતાનાં માબાપને મૂકીને પોતાની પત્ની સાથે જોડાઈને રહેશે, અને તેઓ બન્ને એક દેહ થશે.*

૪. *'kephale'* (શિર) નું ભાષાંત્તર "ઉપર અધિકાર" કરવાને બદલે "એકતાના સર્જક" (બે વ્યક્તિઓ ભેગી મળીને એક થાય) જેવું કરીએ તો પાઉલ એફેસી ૫:૨૫-૩૧ માં પતિઓને આપેલી સૂચના સમજવામાં આપણને કેવી રીતે મદદરૂપ થાય?

૫. આ કલમોમાં પ્રભુ ઈસુ મંડળીના શિર તરીકે જે કરે છે, એવું પતિએ શિર તરીકે શું કરવાનું છે? (આ અભ્યાસમાં અગાઉ લીધેલી કલમો પણ જોશો).

૬. પતિ જો લગ્નજીવનમાં એકતા તથા વૃધ્ધિ માટે પ્રયત્ન કરે તો સંબંધ પર શી અસર પડશે?



© Carrie A. Miles 2008

Created with nitro PDF professional
download the free trial online at nitropdf.com/professional

''શિર''બનવું એ લહાવો નહિ, પણ બલિદાન છે, જેમાં પુરૂષે પોતાની પત્નીની જરૂરિયાતોને કમ સે કમ તેની પોતાની જરૂરિયાતોની સમાનતામાં મૂકવાની રહે છે. પાઉલ પુરૂષોને પ્રભુ ઈસુનું અનુકરણ કરવાનું કહે છે, જેમણે શિર તરીકેની પોતાની ભૂમિકામાં ''મંડળીની ખાતર પોતાનું સ્વાર્પણ કર્યું'' એ જ રીતે, ''ત્રાતા'' (કલમ ૨૩)એ છે કે જે પોતે મોટી કિંમત ચૂકવીને બીજાઓને મોટો લાભ કરાવે છે.

પાઉલની સૂચના કે પત્નીઓએ પોતાના પતિઓનું ''માન''રાખવું જોઈએ, એ તેને સમજવામાં બીજી મુશ્કેલી ઊભી કરે છે. ધારો કે કોઈ પતિ તેની પત્ની ઉપર રાજ કરતા ધણી હોવાનો તેનો જગિક હક જતો કરે, અને રાજ કરવા યા આગેવાન બનવાને બદલે તેની સાથે ઐક્યમાં રહેવા લાગે તો એવું કદી બને કે જ્યારે માણસ ખ્રિસ્તી તરીકે વર્તવાનું શરૂ કરે ત્યારે પત્નીને બીક લાગે? કે પત્ની તેનો લાભ ઉઠાવશે યા તેની મજાક ઉડાવશે?

## પણ કેમ નહિ, ''પતિ પગ છે...''?

જો પાઉલ પુરૂષ અને સ્ત્રીને સાથે સમાન અને એક થયેલા ગણે છે, તો પ્રશ્ન એ થાય છે કે શા માટે પતિને શરીર, પગ કે હૃદય તરીકે નહિ, પણ શિરની ઉપમા આપી છે. સેરવીન સૂચવે છે ''શિર''નો શબ્દપ્રયોગ સૌથી પહેલા આગળ જનાર માટે કરે છે. તેના માટે પતિ એ ચાકરો મધ્યે મોખરે એવી વ્યક્તિ છે.

આપણે આ સૂચનને આગળ વધારીશું. સેવા એ સ્ત્રીઓનું કામ ગણાતું. પત્નીના સ્વાર્પણમાં કોઈ ખ્રિસ્તી મૂલ્ય જોતું નહિ. કારણ કે એ તો તેની ફરજ હતી. પત્નીની આજ્ઞાધીનતા તો કાયદાનુસાર હતી. તેથી, કોઈ દંપતિ પોતાનો સંબંધ ઐક્યવાળો બનાવવા માંગે, તો પતિએ શિર બનવું પડે – પોતાનો અધિકાર સોંપી દેવામાં પ્રથમ – કારણ કે સ્ત્રી પાસે તો જતા કરવા પડે એવા પોતાના કોઈ હક હતા જ નહિ. પતિ માટે આ સેવા એ તેના સર્વસ્વના બલિદાન જેવી હતી – પુરૂષ તરીકેની જે બધી અપેક્ષાઓ સાથે તેઓ ઉછર્યા, એ બધું જતું કરવાનું. પાઉલ પ્રભુ ઈસુ માટે આ જ કહે છે, કે મંડળીના શિર તરીકે ''તેની ખાતર પોતાનું સ્વાર્પણ કર્યું'' જ્યારે પુરૂષ પાઉલના સૂચવ્યા પ્રમાણે વર્તતો, ત્યારે તે અચૂક ખ્રિસ્તી પ્રેમના લીધે જ શક્ય બનતું.

''લગ્નજીવનમાં પુરૂષ તેની પત્નીને તેના પોતાના શરીર તરીકે બલિદાનયુક્ત રીતે પ્રેમ કરવાનું સતત ચાલુ રાખે, તો બદલામાં ખ્રિસ્તી પત્ની પોતાની જાતને તેના પતિ સાથે એવીજ દાસી તુલ્ય આધીનતામાં સંબંધ માં બાંધી જ રાખશે, જેમાં તેઓનું ઐક્ય વ્યક્ત થાય... સેવાભાવીપણાનો સાચો પ્રત્યુત્તર છે આધીનતા. એ છે પરસ્પર આધીનતાનો સાચો અર્થ.'' (ગીલ્બર્ટ બીલેઝીકીયન, ૧૯૮૫,પા.નં. ૧૫૯, ૧૬૧)

લાગુકરણ :

૭. ખ્રિસ્તી લગ્નમાં શિરપણા વિષે પાઉલ કહે છે તેની આ સમજણ તમારા પોતાના સંબંધને કેવી રીતે સમૃધ્ધ કરે છે યા પડકારે છે?

૮. પતિઓ, તમારી પત્ની સાથે ઐક્ય લાવવામાં તમે કેવી રીતે પ્રભુ ઈસુ જેવા બની શકો?

પત્નીઓ, તમારા પતિ ખ્રિસ્તને અનુસરે છે, ત્યારે તમે કેવી રીતે તેઓને વધારે માન અને ટેકો આપી શકો?



© Carrie A. Miles 2008

Created with nitroPDF professional
download the free trial online at nitropdf.com/professional

## અભ્યાસ ૧૨ આધીનતા

પાઉલે પત્નીઓને પોતાના પતિઓને આધીન રહેવાનું કહ્યું, તેનો અર્થ સમજવાથી, અધિકાર પ્રત્યેના ખ્રિસ્તી વલણની પૂરી સમજ આવશે.

### તમારી જાતને સ્વાધીન કરો :

### એફેસી ૫:૨૧-૨૨ અને કલોસી ૩:૧૮

*ખ્રિસ્તનું ભય રાખીને એકબીજાને આધીન રહો, પત્નીઓ, જેમ પ્રભુને તેમ પોતાના પતિઓને.*

*સ્ત્રીઓ, જેમ પ્રભુમાં તમને ઘટે છે તેમ તમે પોતાના પતિઓને આધીન રહો.*

૧. આ શાસ્ત્રભાગોને સામાન્ય રીતે કેવી રીતે સમજવામાં આવે છે?

પાઉલને સમજવામાં આપણને મુશ્કેલી થવાનું એક કારણ એ કે આપણી ભાષામાં "આધીનતા" શબ્દનો અર્થ ખરાબ નીકળે છે. ગુજરાતીમાં, આધીન વ્યક્તિને ભલી-ભોળી, ઉતરતી કક્ષાની, દીન, નબળી, શાંત, હક વિનાની, બાળક જેવી અથવા હતાશામાં હારી ગયેલી એવી સમજવામાં આવે છે, કેટલીક ભાષાઓમાં, આધીન થવું એટલે એકદમ હલકા-નીચા બનવું અને તેણે સવાલો કર્યા વગર એકદમ આજ્ઞા પાળવી.

૨. તમારી ભાષામાં "આધીન" નો શું અર્થ થાય ?

જે રીતે આપણે ગુજરાતી માં "આધીન થવું" કે "ને આધીન રહેવું"તરીકે અનુવાદ કરાયેલો શબ્દ વાપરીએ છીએ, તે કરતાં પાઉલનો શબ્દ પ્રયોગ જુદો હતો. નવા કરારના લખાણ સર્વ પ્રકારના લોકોને "પોતાની જાતોને સ્વાધીન"કરવાની સલાહ આપતાઃ ખ્રિસ્તી આગેવાનોને (હિબ્રુ ૧૩ : ૧૭) અને દુન્યવી અધિકારીઓને (૧ પીતર ૨:૧૩; તીતસ ૩:૧; રૂમી ૧૩:૧); જુવાન લોકો તેમના વડીલોને (૧ પીતર ૫:૫); દાસો માલિકોને (૧ પીતર ૨:૧૮); પરમેશ્વરને (યાકૂબ ૪:૭); અને મંડળી ખ્રિસ્તને (એફેસી ૫:૨૪).

આ બધા કિસ્સાઓમાંથી એક પણ વખત "તમારી જાતને સ્વાધીન કરો" નો અર્થ "આજ્ઞાધીનતા" જતું કરવું, કોઈની સાથે સંમત થવા પોતાનો અભિપ્રાય બદલી નાખવો, કે નબળાઈના સ્થાનેથી કાર્ય કરવું, એવો નથી થતો (વૉલ્ટર્સ ૧૯૯૭; કીટલ ૧૯૬૪).

### એકબીજાને આધીન રહો :

"પત્નીઓ, તમે પોતાના પતિઓને આધીન રહો" ને વારંવાર બહુ આસાનીથી બોલી નાંખવામાં આવે છે, ખરૂં જોતા તો, એફેસી ૫:૨૨ તરીકે ક્રમિત કરાયેલી કલમ સંપૂર્ણ વિચાર તો ઠીક, પૂરૂં વાક્ય પણ નથી. જો કે મોટાભાગના આધુનિક ભાષાંતરકારો કલમ ૨૧ અને ૨૨, ની વચ્ચે ફકરો પાડે છે. પણ આ ભૂલ છે. કલમ ૨૧ અને૨૨ એક જ વાક્યના ભાગ છે. ગ્રીક પ્રતમાં, કલમ ૨૨ તરીકે ક્રમિત થયેલાં અડધા વાક્યમાં "આધીન રહો" શબ્દ સમૂળગો છે જ નહિ :



© Carrie A. Miles 2008

Created with nitroPDF professional
download the free trial online at nitropdf.com/professional

*[20] આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને નામે સર્વને માટે પરમેશ્વર પિતાની આભારસ્તુતિ નિત્ય કરજો. [21] ખ્રિસ્તનું ભય રાખીને એકબીજાને આધીન રહો - પત્નીઓ જેમ પ્રભુને તેમ પોતાના પતિઓને.*

પત્નીઓની આધીનતા માટેની પાઉલની સલાહને તેના બાકીના શિક્ષણથી અલગ લઈ શકાય નહિ, કે ખ્રિસ્તનું ભય રાખીને ખ્રિસ્તી શરીરમાં દરેક જણે - પતિઓ અને પત્નીઓ પણ, પિતાઓ અને બાળકો પણ, માલિકો અને દાસો પણ - ''એક બીજાને આધીન રહે.'' ખ્રિસ્તનું ભય રાખીને શા માટે? કારણ કે પ્રભુ ઈસુએ એ જ કર્યું - પ્રેમમાં આપણી સેવા કરવા માટે તેમણે તેમની આગળ ધરાયેલી જગિક સત્તાને ઠુકરાવી દીધી (અભ્યાસ ૫ જુઓ). આપણે એકબીજાને આધીન રહેવા દ્વારા, પ્રભુ ઈસુની જેમ વર્તીએ છીએ અને તેમને માન આપીએ છીએ.

૩. આધીનતાની આ સમજણ પછી તમે આ શાસ્ત્રભાગ કેવી રીતે લો છો?

પાઉલે જે ગ્રીક શબ્દ વાપર્યો તે છે *'hypotasso'*. *'Tasso'* એટલે મૂકવું અથવા રાખવું. *'Hypo'* એટલે નીચે. ''નીચે મૂકવું''ના શબ્દ પ્રયોગમાં પાઉલ જે ખરેખર કહેવા માંગતો હતો તેમાં મૂંઝવણ એ છે કે આ ક્રિયાપદ ત્રણ રીતે સમજી શકાતું. વ્યાકરણની આ રચના અંગ્રેજીમાં "voice." કહેવાય છે. ક્રિયાપદના 'voice' પ્રમાણે તેનો અર્થ બદલાય છે. શબ્દની પાછળ વપરાયેલા અક્ષરો પરથી ગ્રીક વક્તાઓને તેના અર્થનો ખ્યાલ આવી જતો.

અંગ્રેજી (અને ગુજરાતીમાં પણ) આપણી પાસે સામાન્ય રીતે બે જ 'voices' છે. એક છે કર્તરી પ્રયોગ (active voice) - જેમાં ''નીચે મૂકવા'' કે ''આધીન કરવા''નો અર્થ યુધ્ધવીર તેના દુશ્મનને પોતાની ઈચ્છા પ્રમાણે નમાવે, તેમ કોઈને મારી–મચડીને આપણી સત્તા હેઠળ લાવવું એવો થાય. એફેસી ૫ માં *Hypotasso* કર્તરી પ્રયોગમાં નથી. દેખીતી રીતે, જ્યારે પાઉલે ખ્રિસ્તીઓને એકબીજાને આધીન રહેવાનું કહ્યું, ત્યારે એનો અર્થ એ ન હતો કે તેઓ એકબીજા પર પોતાની ઈચ્છા બળપૂર્વક ઠોકી બેસાડે.

અંગ્રેજીમાં (અને ગુજરાતીમાં પણ) કર્તરી પ્રયોગનો એક માત્ર વિકલ્પ છે કર્મણી પ્રયોગ **(passive voice)**. સામાન્ય રીતે આ કલમો આપણે આ રીતે વાંચીએ છીએ. આ પ્રકારની આધીનતામાં કોઈકની સત્તા નિષ્ક્રીયપણે આપણી ઉપર સ્વીકારી લઈએ છીએ. આ રીતે નિષ્ક્રીયપણે આધીન થવું એટલે હારેલા દુશ્મન બની જવું, જેને વિજયી યોધ્ધો પગ તળે કચડે.

પરંતુ પાઉલે જે શબ્દ વાપરે છે તે કર્મણી પ્રયોગ પણ નથી. તે મધ્યવર્તી પ્રયોગ છે – અંગ્રેજી (કે ગુજરાતી) માં એ આપણી પાસે નથી. આ ગ્રીક મધ્યવર્તી પ્રયોગનું અંગ્રેજી કે ગુજરાતીમાં ભાષાતંર કરવું ખૂબ અઘરૂં છે. ''ગ્રીક મધ્યવર્તી પ્રયોગ ક્રિયાપદના કર્તાનું સ્વૈચ્છિક કાર્ય દર્શાવે છે'' (બ્રિસ્ટોવ ૧૯૮૮). મધ્યવર્તી પ્રયોગમાં *'Hypotasso'* નો અર્થ થાય કે આપણી જાતોને કોઈની નીચે મૂકવી અથવા આપણી જાતોને બીજા કોઈને સ્વાધીન કરવી.

એકબીજાને આધીન રહેવાનું કહીને પાઉલ આપણને સત્તા તથા વર્ચસ્વ માટે ખેંચતાણ બંધ કરવા આજીજી કરે છે. કુટુંબથી માંડીને આખી દુનિયા આ ઝઘડામાં પરોવાયેલી હતી, પણ ખ્રિસ્તીઓ મધ્યે એવું નહોતું થવું જોઈતું. ખ્રિસ્તના શરીરના અંગો તરીકે, આપણે બીજા લોકો કરતા ઊંચા નથી, કે આપણે તેઓની નીચે દબાયેલા નથી. પણ પાઉલે તથા પ્રભુ ઈસુએ આપણને ''પોતાના કરતાં બીજાઓને ઉત્તમ (ઊપર) ગણવા'' નું શીખવ્યું (ફિલિપી ૨:૩). ''ગાઢ પ્રેમ એકબીજા પર રાખો; માન આપવામાં પોતાના કરતાં બીજાને અધિક ગણો (રૂમી ૧૨:૧૦)'' એજ રીતે પીતરે લખ્યું ''તમે સઘળા એકબીજા પ્રત્યે નમ્રતા પહેરી લો''(૧ પીતર ૫:૫). બીજાને આપણી ઉપર મૂકવા એટલે આપણી જાતોને નીચે મૂકવી(સ્વાધીન થવું). અને આ આપણે ખ્રિસ્તનું ભય રાખીને કરીએ છીએ (એફેસી ૫:૨૧) - કારણ કે પ્રભુ ઈસુએ આ ખરૂં વર્તન દરેક રીતે બતાવ્યું. ઈસુ આપણા પ્રભુ હોવા છતાં તેમણે આપણાં મેલા પગ ધોયા.

જ્યારે જ્યારે પાઉલ લખે છે કે કોઈએ બીજા કોઈને ''પોતાની જાતોને આધીન રાખવાની'' છે, ત્યારે તે આપણને પ્રભુ ઈસુનું શિક્ષણ યાદ કરાવે છે કે ખ્રિસ્તીઓએ પોતાને બીજા લોકોની ઉપર ચઢાવવા માટે જગિક હૂંસાતુસીમાં પડવાની જરૂર નથી.



© Carrie A. Miles 2008

Created with nitroPDF professional
download the free trial online at nitropdf.com/professional

''જેમ પ્રભુને તેમ'' શબ્દો વળી વધારે મૂંઝવણ ઊભી કરે છે. ઘણી વાર આપણે આ એ રીતે વાંચીએ છીએ કે પતિઓ પરમેશ્વર હોય, એ રીતે સ્ત્રીઓએ તેમના પતિઓને આધીન રહેવાનું. કલોસી ૩:૧૮ આ સમજણને સ્પષ્ટ કરે છેઃ ''પત્નીઓ જેમ પ્રભુમાં તમને ઘટે છે તેમ તમે પોતાના પતિઓને આધીન રહો.'' પત્નીઓ પોતે તેમના પતિઓને આધીન રહે તે પ્રભુ ઈસુનું અનુકરણ કરવાના તેમના પોતાના ખ્રિસ્તી જીવનના ભાગરૂપ છે – તેમના પતિઓ પ્રભુ ઈસુ છે એમ નહિ.

સદીઓથી પુરૂષોને શીખવવામાં આવ્યું છે કે બંડખોર પત્નીઓ તથા બાળકોને જબરદસ્તીથી આધીનતામાં લાવવા એ તેમની ફરજ છે. ફિલસૂફો ગ્રીક તથા રૂમી પુરૂષોને તેઓની પત્ની પર ''અમલ ચલાવવા'' માટે આગ્રહ કરતા. પુરૂષો બધું પોતાના નિયંત્રણમાં રાખે એ માટેનું સામાજીક દબાણ પણ આ પ્રકારના વર્તનને પ્રોત્સાહન આપતું. નવા કરારમાં, એક માત્ર વ્યક્તિ જે સઘળાંને બળપૂર્વક ''આધીન કરે'' છે તે તો પરમેશ્વર છે (એફેસી ૧:૨૨,થીઓલોજીકલ ડીક્ષનરી ઑફ ધ ન્યુ ટેસ્ટામેન્ટ).

૪. પત્ની પોતાની જાતે તેના પતિને આધીન રહે તેવી સમજણ કેવી રીતે ''સામ-સામે મદદગાર'' અથવા બંધબેસનાર અથવા પુરૂષ માટે યોગ્ય તરીકેના સ્ત્રીના સર્જન સાથે સુમેળ ધરાવે છે? (જુઓ અભ્યાસ ૧)

## લાગુકરણ/સાંસ્કૃતિક પડકારો :-

૫. જો પતિ અને પત્ની બન્ને ખ્રિસ્તનું અનુકરણ કરવામાં પોતાની મેળે એકબીજાને સ્વાધીન રહે (બીજાના ભોગે પોતાનું ધારેલું જ થાય એવા પ્રયત્નો બંધ કરે) તો તેના કારણે તમારા કોઈ અંગત સંબંધો બદલાશે?

૬. ૧ કરિંથી ૧૧:૭ માં, પાઉલ લખે છે કે પત્ની તો તેના પતિનો મહિમા છે. એફેસી ૫:૨૬-૨૭ માં કહે છે કે પતિઓ તેમની પત્નીઓને મહિમાવંતી કરે. દંપતિએ કેવું વર્તન કરવું જોઈએ કે જેથી પત્ની માથે ચઢી જશે, પતિનું માન નહિ જાળવે, કે પતિ પાસે પોતાનું ધારેલું કરાવશે, એવી બીક વગર પતિ પોતાની પત્નીને મહિમાવંતી બનવામાં મદદ કરે?



© Carrie A. Miles 2008

Created with nitro PDF professional
download the free trial online at nitropdf.com/professional

## અભ્યાસ ૧૩ લગ્નજીવનનો મર્મ

અભ્યાસની આ શ્રેણી પ્રભુ ઈસુના કથનથી શરૂ થઈ કે, પુરૂષ અને સ્ત્રી વચ્ચેનો આદર્શ સંબંધ ''આરંભમાં'' જોવા મળે છે, જ્યારે પરમેશ્વરે આપણને ''એક'' થવાને માટે સૃજ્યા. સૃષ્ટિના આપણા અભ્યાસમાં આપણે એ પણ જોયું કે પ્રથમ મનુષ્યો ''નગ્ન તથા શરમવિહોણા'' હતા-પ્રમાણિકતા, અભયપણા, સ્વીકૃતિ તથા સમર્પણનો સંબંધ માણતા હતા.

પ્રેરિત પાઉલ કહે છે કે લગ્ન એ ખ્રિસ્ત અને મંડળી વચ્ચેના સંબંધ માટેનું રૂપક છે. તે કહે છે કે આ એક ''મોટો મર્મ'' છે: સમગ્ર ખ્રિસ્તી સમાજની વાત છોડો, બે વ્યક્તિઓ કેવી રીતે એક બની શકે? જો ઉત્પત્તિ ૨ માં પાપ પહેલાના આદર્શ સંબંધનું ચિત્ર છે, તો એફેસી ૫ માં પાઉલ આપણને બતાવે છે કે આપણે ખ્રિસ્તી ઉધ્ધારમાં એ ઐક્ય કેવી રીતે પાછું મેળવીએ છીએ.

### પારસ્પરિક સ્વાધીનતા :

### એફેસી ૫: ૨૦-૩૩

*[૨૦] આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને નામે સર્વને માટે પરમેશ્વર પિતાની આભારસ્તુતિ નિત્ય કરજો.[૨૧] ખ્રિસ્તનું ભય રાખીને એકબીજાને આધીન રહો- [૨૨] પત્નીઓ જેમ પ્રભુને તેમ પોતાના પતિઓને. [૨૩] કેમ કે જેમ ખ્રિસ્ત મંડળીનું શિર છે, તેમ પતિ પત્નીનું શિર વળી તે પોતે શરીરના ત્રાતા છે. [૨૪] જેમ મંડળી ખ્રિસ્તને આધીન છે, તેમ પત્નીઓએ સર્વ બાબતોમાં પોતાના પતિઓને આધીન રહેવું.*

*[૨૫] પતિઓ, જેમ ખ્રિસ્તે મંડળી પર પ્રેમ રાખ્યો, અને તેની ખાતર પોતાનું સ્વાર્પણ કર્યું, તેમ તમે પોતાની પત્નીઓ પર પ્રેમ રાખો. [૨૬] એ માટે કે વચન વડે જળસ્નાનથી શુધ્ધ કરીને, પવિત્ર કરે, [૨૭] અને જેને ડાઘ, કરચલી કે એવું કંઈ ન હોય, પણ તે પવિત્ર તથા નિર્દોષ હોય, એવી મંડળી તરીકે પોતાની આગળ મહિમાવંતી રજૂ કરે. [૨૮] એ જ પ્રમાણે પતિઓએ જેમ પોતાનાં શરીરો પર તેમ પોતાની પત્નીઓ પર પ્રેમ રાખવો જોઈએ. જે પોતાની પત્ની પર પ્રેમ રાખે છે, તે પોતા પર પ્રેમ રાખે છે. [૨૯] કેમ કે કોઈ માણસ પોતાના દેહનો દ્વેષ કદી કરતો નથી, પણ તે તેનું પાલનપોષણ કરે છે, જેમ પ્રભુ પણ મંડળીનું કરે છે તેમ. [૩૦] કેમ કે આપણે તેમના શરીરના અવયવો છીએ. [૩૧] એ માટે પુરૂષ પોતાના માબાપને મૂકીને પોતાની પત્ની સાથે જોડાઈને રહેશે, અને તેઓ બન્ને એક દેહ થશે. [૩૨] આ મોટો મર્મ છે, પણ હું ખ્રિસ્ત તથા મંડળી સંબંધી કહું છું [૩૩] તો પણ તમારામાંનો દરેક જેમ પોતાના પર તેમ પોતાની પત્ની પર પ્રેમ રાખે અને પત્ની પોતાના પતિનું માન રાખે.*

૧. કલમ ૨૦-૨૧ માં કોને સંબોધવામાં આવ્યા છે?



© Carrie A. Miles 2008

Created with nitroPDF professional
download the free trial online at nitropdf.com/professional

૨. કલમ ૨૫-૩૦,માં, પાઉલ વર્ણવે છે કે પતિનું વલણ તેની પત્ની પ્રત્યે કેવું હોવું જોઈએ. રોજીંદા જીવનમાં, કયા કૃત્યો કે વલણો દ્વારા ખ્રિસ્તી માણસ તેની પત્ની માટે આ બાબતો કરી શકે?

- તેની પત્નીની ખાતર "પોતાનું સ્વાર્પણ કરે"
- દરેક ડાઘથી તેને શુધ્ધ કરે
- જેમ પોતાના શરીર/પોતાની જાત પર તેમ તેની પત્ની પર પ્રેમ રાખે
- તેની પત્નીનું જતન કરે અને કાળજી રાખે
- પોતાના માતાપિતાને મૂકીને તેની પત્નીને વળગી રહે

કલમ ૨૨-૨૪ અને ૩૩,પાઉલ વર્ણવે છે કે ખ્રિસ્તી પત્નીનું વલણ તેના પતિ પ્રત્યે કેવું હોવું જોઈએ. ખ્રિસ્ટોવ લખે છે "પાઉલ વિનંતી કરે છે કે પત્નીઓ સ્વૈચ્છિક રીતે, પોતાના મનથી, સક્રિય રીતે તેઓના પતિઓને સ્વાધીન રહે... આમાં જે બાબત કરવાનું કહેવામાં આવ્યું છે તે સ્વેચ્છાથી કરવાનું છે, માટે 'ને આધીન રહેવું,' તે ભાષાંતર અતડું લાગે છે. એ મૂળ શબ્દનો અર્થ આવો કંઈક થાય છે-- 'પ્રત્યે વફાદારી નિભાવવી,' 'ની ગરજો પૂરી પાડવી,' 'ને ટેકારૂપ થવું,' અથવા 'ને પ્રત્યુત્તર વાળવો' "

૩. રોજીંદા જીવનમાં, પત્ની કેવી રીતે નીચેની બાબતો કરી શકે અથવા કરવી જોઈએ?

- તેના પતિ પ્રત્યે વફાદારી(નિષ્ઠા, ટેકો) દર્શાવવી
- આ ટેકો દરેક બાબતમાં બતાવવો
- તેના પતિનું માન રાખે

૪. પાઉલના કહ્યા પ્રમાણે કરવાનું પતિ માટે અઘરૂં થઈ પડે જો તેની પત્ની તેની મજાક ઉડાવે અથવા તેનો લાભ ઉઠાવે. પત્ની શું કરી શકે કે જેથી પતિ બેધડક જેમ ખ્રિસ્તે મંડળીની સંભાળ લીધી તેમ પોતાની પત્નીની સંભાળ લઈ શકે?

## માથ્થી ૧૯:૪-૬ અને ઉત્પત્તિ ૨:૨૪-૨૫

*પ્રભુ ઈસુએ ઉત્તર આપ્યો, "શું તમે નથી વાંચ્યું કે, જેણે તેઓને ઉત્પન્ન કર્યા, તેણે તેઓને આરંભથી 'નરનારી ઉત્પન્ન કર્યાં', ને કહ્યું કે, 'તે કારણને લીધે માણસ પોતાનાં માબાપને મૂકીને પોતાની પત્નીને વળગી રહેશે; અને બન્ને એક દેહ થશે'? માટે તેઓ હવેથી બે નથી, પણ એક દેહ છે. એ માટે પરમેશ્વરે જેને જોડ્યું છે તેને માણસે જુદું પાડવું નહિ." (માથ્થી)*

*એ માટે માણસ પોતાનાં માતાપિતાને છોડીને, પોતાની પત્નીને વળગી રહેશે; અને તેઓ એક દેહ થશે. અને તે માણસ તથા તેની પત્ની બન્ને નગ્ન હતાં, પણ તેઓ લાજતાં ન હતાં. (ઉત્પત્તિ)*



© Carrie A. Miles 2008

Created with nitroPDF professional
download the free trial online at nitropdf.com/professional

૫. પ્રભુ ઈસુ અનુસાર, પુરૂષ અને સ્ત્રી વચ્ચે આદર્શ સંબંધ ક્યો છે? સૌ પ્રથમ આ વિષે કોણ બોલ્યું, એ સંબંધી પ્રભુ ઈસુએ શું કહ્યું

પાઉલે એફેસી ૫:૩૧ માં આ જ આદર્શનો ઉલ્લેખ કર્યો.

૬. ઉત્પત્તિ ૨: ૨૪-૨૫ કહે છે કે પુરૂષ અને તેની પત્ની ''નગ્ન હતા, અને લાજતાં ન હતા'' એવો કેવો સંબંધ છે જેમાં વ્યક્તિ ''નગ્ન અને શરમવિહોણી'' હોય શકે?

૭. એવો સંબંધ જેમાં વ્યક્તિ ''નગ્ન અને શરમવિહોણી'' હોય શકે, તેને પાઉલ એફેસી ૫ માં પતિઓ અને પત્નીઓને જે સલાહ-સૂચનો આપે છે તેની સાથે સરખાવો.

કેટલાક વિદ્વાનોએ સૂચવ્યું છે કે પાઉલ "status quo" (વસ્તુ કે બાબતને જે તે હાલતમાં છોડી મૂકવા) નો હિમાયતી હતો, અને એફેસી ૫-૬ માં નું તેનું લખાણ રૂમી હાકેમોને ખાત્રી આપવાનો પ્રયત્ન હતો કે ખ્રિસ્તીઓ સારા નાગરિકો હતા, જેઓ રોમને બહુમાન્ય એવી પુરૂષપ્રધાન અધિકાર ધરાવતી કાર્ય પધ્ધતિને ટેકો આપતા હતા. આ વિદ્વાનો પાઉલના લખાણ અને ગ્રીક તથા રૂમી તત્વજ્ઞાનીઓ દ્વારા લખાયેલા ઘર-કુટુંબના નીતિ-નિયમો વચ્ચે સમાંતરતા નોંધે છે - જેમાં પોતાની પત્નીઓ, બાળકો તથા ચાકરો પર અમલ કરવાની પુરૂષની ફરજ વિષે સલાહ આપવામાં આવી છે અને જેમાં પત્નીઓ, બાળકો તથા ચાકરો પાસેથી આજ્ઞાધીનતાનો આગ્રહ રાખવામાં આવે છે. જો પાઉલ એફેસી ૫-૬ લખવામાં ઘર-કુટુંબના નીતિ-નિયમોને આધાર તરીકે રાખતો હોત તો, તેણે તેનો ઉપયોગ "status quo" ને ઉલટ-સૂલટ કરી નાખવા માટે કર્યો. પાઉલના કુટુંબમાં, પતિઓએ તેમની પત્નીઓ પર અમલ નથી કરવાનો, પણ તેઓની ખાતર પોતાનું સ્વાર્પણ કરવાનું છે. પત્નીઓએ તેઓના પતિઓને આજ્ઞાધીન નથી થવાનું, પણ તેઓની સાથે શાંતિ તથા ઐક્યમાં હળીમળીને રહેવાનું છે.

એફેસી ૫: ૨૧-૩૩ સત્તાની સીડી કે અધિકાર વિષે નથી, પણ એ ''એક દેહ, નગ્ન તથા શરમવિહોણી'' માનવજાતનું ધ્યેય કેવી રીતે પાછું પ્રાપ્ત કરવું તે માટેના સલાહ-સૂચનો છે. આ ઉત્પત્તિનો આદર્શ સંબંધ છે, જે પ્રભુ ઈસુએ સંસ્થાપિત કર્યો અને જે વિષે પાઉલે ઉપદેશ કર્યો : ખ્રિસ્તમાં પરમેશ્વર સાથે સમાધાન પામીને, હવે પછી આપણે એકલા નથી. આપણે ફરીથી નિર્ભય, પ્રમાણિક, દાતાર અને ''ખ્રિસ્તનું ભય રાખીને એકબીજાને સ્વાધીન રહેવા'' માટે સક્ષમ બનીએ છીએ. ત્યારે જ આપણે બે જણ એક બને તેનો ''મર્મ'' અનુભવી શકીશું.

લાગુકરણ :

૮. યાદ રાખીએ કે પાઉલના સમયમાં લગ્નો વડીલો દ્વારા ગોઠવાતા હતા, જેમ આફ્રિકામાં થતું હતું(અને હજુ ગુજરાતમાં થાય છે) તેમ જે વ્યક્તિને પસંદ ન કરી હોય તેની સાથે ''એક'' કેવી રીતે થઈ શકાય?

૯. બીજા ખ્રિસ્તીઓ સાથેના તમારા સંબંધમાં તમે કેટલા ''એક'' થયેલા છો? તમે માનો છો કે એ શક્ય છે? તમારી અને આ આદર્શ વચ્ચે શું આડે આવે છે?



© Carrie A. Miles 2008

Created with nitro PDF professional
download the free trial online at nitropdf.com/professional

# References


S. Scott Bartchy, MALLON CHRESAI: First Century Slavery and the Interpretation of 1 Cor. 7:21. Atlanta, Georgia: Scholars Press, 1973.

S. Scott Bartchy, "Issues of Power and a Theology of the Family," Mission Journal, July-August, 1987, Vol. 21, No. 1.

S. Scott Bartchy, audiotape, "Jesus, Power, and Gender Roles," and accompanying handout. Sunstone Symposium, Salt Lake City, Utah, 1993.

S. Scott Bartchy, "Undermining Ancient Patriarchy: The Apostle Paul's Vision of a Society of Siblings," *Biblical Theology Bulletin*. Vol. 29, no. 2, 1999, pp 68-78.

Gary S. Becker, *A Treatise on the Family.* Cambridge, MA: Harvard University Press, 1981.

Black, Susan Easton, "Discerning the Details, BYU Magazine Spring 2011, p.

Gilbert Bilezikian, *Beyond Sex Roles*. Baker Book House, Grand Rapids, MI, 1985.

Katherine Bushnell, *God's Word to Women*, Oakland, CA: published by the author, 1923.

Richard Cervin, "'Does *kephale* (head) mean 'source' or 'authority over' in Greek literature? A rebuttal." *Trinity Journal* 10 NS 1, 1989.

Joy Elasky Fleming, *Man and Woman in Biblical Unity*. Minneapolis, MN: Christians for Biblical Equality.

David Freedman, "Woman, a Power Equal to Man," *Biblical Archaeology Review 9*, no. 1 [January-February 1983]:58.

Ellen Gruenbaum, *The Female Circumcision Controversy: An Anthropological Perspective.* Philadelphia: University of Pennsylvania Press, 2001.

Jane I. Guyer, "Female farming in anthropology and African History," in *Readings in gender in Africa,* Andrea Cornwall (ed.), Indianapolis, Indiana: University of Indiana Press, 2005, 103-110.

Laurence R. Iannaccone, *Women and the Word of God.* Unpublished manuscript, 1980.

Craig S. Keener, *Paul, Women and Wives*. Peabody, MA: Hendrickson Publishers, 1992.

Gerhard Kittel, editor. *Theological Dictionary of the New Testament*. Translated by Geoffrey W. Bromiley. Wm. B. Eerdmans Publishing Company, Grand Rapids, Michigan, 1964.

Lesly F. Massey, *Women and the New Testament: An analysis of scripture in light of New Testament Era Culture.* Efferson, NC: McFarland and Company, 1989.

Wesley J. Perschbacher, editor. The New Analytical Greek Lexicon. Peabody, MA: Hendrickson Publishers, 1996.

Heinrich Schlier, "*Anakephalaiosomai.*" in Gerhard Kittle, editor, *Theological Dictionary of the New Testament*. Grand Rapids, MI: Wm. B. Eerdmans Publishing Company, 1965, p. 681-2.

Rodney Stark, *The Rise of Christianity*, Princeton University Press, 1996.

James Strong, *Strong's Exhaustive Concordance*. Tulsa, OK: American Christian College Press, no date.

Brent Walters, "Lectures on Women in the New Testament," Ante-Nicene Archives, San Jose, CA, 1996.


Biblical citations are to the New Revised Standard Version unless otherwise noted.

The author's translations are based on Robert K. Brown and Philip W. Comfort, *The New Greek English Interlinear New Testament,* United Bible Societies Fourth Corrected Edition. Carol Stream, Illinois: Tyndale House Publishers, Inc, 1990.

African edition, updated July 2011



© Carrie A. Miles 2008

Created with nitroPDF professional
download the free trial online at nitropdf.com/professional